RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 199* Date: 17.05.2022 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### જ્ઞાનવાપી મસ્જિદ સર્વે

## શિવલિંગ મળવાની જગ્યાને તાત્કાલિક સીલ કરવામાં આવે, કોર્ટે આદેશ આપ્યો



વારાણસી,તા.૧૬

વારાણસી કોર્ટે જિલ્લા અધિકારીને આદેશ આપતા કહ્યું કે, જે સ્થાન પર શિવલિંગ મળ્યું છે, તે જગ્યાને તાત્કાલિક સીલ કરી દેવામા આવે અને ત્યાં કોઈ વ્યક્તિને જવા દેવા નહીં. તેની જવાબદારી જિલ્લા પ્રશાસન અને સીઆરપીએફને સોંપવામાં આવી છે. કોર્ટે અધિકારીઓને વ્યક્તિગત જવાબદારી પણ નક્કી કરવા કહ્યું છે. પોતાના આદેશમાં વારાણસી કોર્ટે કહ્યું કે, જિલ્લા અધિકારી, પોલીસ કમિશ્નર અને સીઆરપીએફ કમાંડેંટને આદેશ આપવામાં ઓ છે કે, જે સ્થાન પર સીલ કરવામાં આવે તે જગ્યાને સુરક્ષિત અને સંરક્ષિત કરવામાં પૂર્ણપણે વ્યક્તિગત જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે.

વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદમાં સર્વે તો ખતમ થઈ ગયો છે. પણ દાવો કર્યો તેના પર ભારે ચર્ચા થઈ રહી છે. ત્રીજા અને અંતિમ દિવસે સર્વેનું કામ પુરુ કરતા જેવી ટીમ બહાર આવી કે, હિન્દુ પક્ષે શિવલિંગ મળ્યું હોવાનો દાવો કરવા લાગ્યા હતા. હિન્દુ પક્ષના જણાવ્યા અનુસાર, જેવું અંદરથી પાણી નિકળ્યું કે લોકો ઝૂમવા લાગ્યા હતા. કારણ કે ત્યાં ૧૨.૮ ફૂટ વ્યાસનું શિવલિંગ હતું.

હિન્દુ પક્ષના વકીલ મદન મોહન યાદવે દાવો કર્યો છે કે, પાણી હટતા જ શિવલિંગ પ્રગટ થઈને સામે આવ્યું છે. દાવો છે કે, નંદીની મૂર્તિની ઠીક સામે શિવલિંગનો વ્યાસ ૧૨ ફૂટ ૮ ઈંચ છે. તેની ઉંડાઈ ખૂબ વધારે છે. તો વળી હિન્દુ પક્ષકાર સોહનલાલ આર્યે કહ્યું કે, આજે બાબા મળ્યા, કલ્પનાથી પણ વધારે પુરાવા મળ્યા છે.

જ્ઞાનવાપી મસ્જિદ સરવેમાં શિવલિંગ મળી કે નહીં, તેને લઈને હવે અલગ અલગ દાવા સામે આવી રહ્યા છે. હાલનો દાવો મુસ્લિમ પક્ષ તરફથી કરવામાં આવ્યો છે. તેમનું કહેવું છે સરવેમાં કોઈ શિવલિંગ મળ્યું નથી. આ અગાઉ છેલ્લા દિવસનો સરવે પૂર્ણ થયી બાદ હિન્દુ પક્ષે દાવો કર્યો હતો કે જ્ઞાનવાપી મસ્જિદમાં ઉપસ્થિત તળાવ રૂપી કૂવામાં શિવલિંગ મળ્યું છે. ત્યારબાદ ત્યાં 'હર હર મહાદેવ'ના નારા પણ લાગ્યા હતા. હિન્દુ પક્ષના વકીલ વિષ્ણુ જૈને કહ્યું હતું કે, અંદર સરવે દરમિયાન શિવલિંગ મળ્યું છે.વિષ્ણુ જૈને આગળ કહ્યું કે, હવે તેઓ શિવલિંગનું પ્રોટેક્શન લેવા માટે કોર્ટ જઈ રહ્યા છે. તો હિન્દુ પક્ષ તરફથી

### હિન્દુ પક્ષનો મોટો દાવો- 'જેમની પ્રતિક્ષા નંદી કરી રહ્યા હતા, તે બાબા મળી ગયા, મુસ્લિમ પક્ષે કહ્યું કે એવું કઈ નથી. અમે તમામ રિપોર્ટ કોર્ટમાં રજૂ કરીશું

સોહનલાલે કહ્યું કે મસ્જિદમાં બાબા મળી ગયા. એ જ બાબા જેમની નંદી પ્રતિક્ષા કરી રહ્યા હતા. સોહનલાલે મીડિયા સામે આગળ કહ્યું કે, જેવું જ મસ્જિદ પરિસરમાં શિવલિંગ મળ્યું, ત્યાં હર હર મહાદેવના નારા લાગવા લાગ્યા. લોકો ખુશીથી નાચવા લાગ્યા. સોહનલાલે એમ પણ કહ્યું કે, હવે પશ્ચિમી દીવાલ પાસે જે કાટમાળ છે તેની તપાસની માંગણી કરવામાં આવશે. તો કૂવાવાળી વાત પૂછવામાં આવતા હિન્દુ પક્ષ તરફથી જ મોહન યાદવે કહ્યું કે જ્ઞાનવાપીમાં વજુખાના કે તળાવમાં ૧૨ ફૂટ ૮ ઈંચ વ્યાસની શિવલિંગ મળી છે, જે (તળાવ) અંદર ખૂબ ઊંડો હોય શકે છે. કહેવામાં આવ્યું કે, આ શિવલિંગનું મોઢું નંદી તરફ છે અને વજુખાનાનું આખું પાણી કાઢીને તેને જોવામાં આવ્યું હતું. આ અગાઉ સરવેની ટીમ જ્યારે જ્ઞાનવાપી મસ્જિદની અંદર જઈ રહી હતી, ત્યારે ટીમના સભ્ય આર.પી. સિંહને રોકી લેવામાં આવ્યા હતા. તેમને આજે ત્રીજા દિવસના સરવેમાં સામેલ થવા દેવામાં આવ્યા નથી. આર.પી. સિંહ પર જાણકારી લીક કરવાનો તેમજ સરવેની વાતોને બહાર બતાવવાનો આરોપ લાગ્યો છે.

રિપોર્ટ્સ મુજબ, આજે સરવે ટીમ નંદી સામે બનેલા તળાવ રૂપી કૂવા તરફ ગઈ છે. આ અગાઉ રવિવારે થયેલા સરવેમાં પશ્ચમી દીવાલ, નમાજ સ્થળ, વજુ સ્થળ સિવાય તહખાનામાં પણ સરવે કરવામાં આવ્યું હતું. વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદને લઈને કોર્ટે ૧૨ મેના રોજ મોટો નિર્ણય સંભળાવ્યો હતો. કોર્ટે જ્ઞાનવાપી મસ્જિદ સર્વે માટે નિમણૂક કરવામાં આવેલા એડવોકેટ કમિશનર અજય કુમાર મિશ્રાને હટાવવાની ના પાડી હતી. જોકે કોર્ટે કમિશનર અજય મિશ્રા સિવાય વિશાલ કુમાર સિંહને પણ કોર્ટ કમિશનર તરીકે નિમણૂક કરી દેવામાં આવી હતી.

અત્રે જણાવવાનું કે સૂત્રોના જણાવ્યાં મુજબ આજે સરવેની ટીમ નંદી સામે બનેલા કૂવા તરફ આગળ વધી હતી. વોટર રેસિસ્ટન્ટ કેમેરા કૂવામાં નાખીને વીડિયોગ્રાફી કરવામાં આવી છે. આ અગાઉ રવિવારે થયેલા સરવેમાં પક્ષમી દીવાલ, નમાઝ સ્થળ, વજૂ સ્થળ ઉપરાંત ભોયરાનો પણ સરવે કરવામાં આવ્યો હતો. સોહનલાલે મસ્જિદના પશ્ચિમી ભાગની પણ તપાસ કરાવવાની માંગણી કરી છે. તેમણે કહ્યું કે આ ભાગની પણ તપાસ થવી જોઈએ. ત્યાં શ્રૃંગાર ગૌરીની અન્ય પ્રતિમાઓ મળી આવશે.બીજી બાજુ જ્ઞાનવાપી મસ્જિદ સરવે મામલે સુપ્રીમ કોર્ટમાં આવતી કાલે સુનાવણી હાથ ધરાશે.

## ઉતરીય રાજયો અગનભઠ્ઠી-રેકોર્ડતોડ તાપમાનઃ કેરળમાં અતિભારે વરસાદ; આસામમાં પુર પ્રકોપ

નવીદિલ્હી,તા.૧૬

કાળઝાળ ઉનાળા વચ્ચે દેશના જુદા-જુદા ભાગોમાં અલગ-અલગ વાતાવરણ સર્જાયુ છે. દિલ્હીમાં પ્રથમ વખત તાપમાનનો પારો ૪૯ ડીગ્રીએ પહોંચવા સાથે રાજસ્થાન, પંજાબ, હરિયાણા સહિતના રાજયોમાં ગરમીનો કાળો કેર યથાવત છે ત્યારે ચોમાસાનું આગમન વ્હેલુ થઈ જવાની આગાહી વચ્ચે કેરળમાં ભારે વરસાદ વચ્ચે પુરપ્રકોપ સર્જાયો છે. હવામાન વિભાગ દ્વારા રેડએલર્ટની ઘોષણા કરવામાં આવી છે.

પાટનગર દિલ્હીમાં રેકોર્ડતોડ તાપમાન નોંધાયુ હતું. મંગેશપુર તથા નજકગઢમાં પારો ૪૯ ડીગ્રીને વટાવી ગયો હતો. દિલ્હીમાં આટલુ ઉંચુ તાપમાન પ્રથમવાર નોંધાયુ છે જેને પગલે લોકો રીતસર અકળાઈ ગયા હતા. સમગ્ર દેશમાં સૌથી ઉંચુ તાપમાન હતું અને ભુતકાળમાં



કયારેય આ સ્તરે પહોંચ્યુ નથી. ગુડગાંવમાં ૫૬ વર્ષનો રેકોર્ડ તૂટયો હતો. જયાં તાપમાનનો પારો ૪૮.૧ ડીગ્રી પર પહોંચ્યો હતો. ફરીદાબાદમાં ૪૭.૧ ડીગ્રી તથા ગાઝીયાબાદ-નોઈડામાં ૪૫ ડીગ્રીથી વધુ તાપમાન હતું.

દિલ્હી ઉપરાંત પંજાબ-હરિયાણા તથા રાજસ્થાન પણ અગનભઠી બન્યા હતા. રાજસ્થાનમાં અર્ધોડઝન શહેરોમાં પારો ૪૮ ડીગ્રી થયો હતો જયારે હરિયાણાના ગુરૂગ્રામમાં ૪૮.૧ ટકા નોંધાયો હતો. પંજાબના મુક્તસરમાં ૪૭.૪ ડીગ્રી, હરિયાણાના હિસ્સારમાં ૪૭.૩ ડીગ્રી, સિરસામાં ૪૭.૨ ડીગ્રી, રોહતકમાં ૪૬.૭ ડીગ્રી તથા ભીવાનીમાં ૪૬ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું. ભટીંડામાં ૪૬.૮ તથા અમૃતસરમાં ૪૬.૧ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું.

હવામાન વિભાગના રીપોર્ટ પ્રમાણે કાળઝાળ ગરમીમાંથી એકાદ દિવસમાં આંશિક રાહત મળી શકશે. પંજાબ-હરીયાણા ઉપર ચક્રાવાતી પવનની સીસ્ટમ ઉભી થઈ છે જે પ્રિ-મોન્સુન એકટીવીટી શરુ થવાના સંકેત આપે છે. આ સીસ્ટમના પ્રભાવ હેઠળ ધૂળની આંધી ફુંકાવાની શકયતા છે. હળવો વરસાદ પણ થઈ શકે છે. જો કે દિલ્હી, ઉતરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં ભીષણ ગરમીનો કહેર જારી રહી શકે છે.

### વિદેશ મંત્રીએ કહ્યું કે વડાપ્રધાનને વ્યક્તિગત રીતે ઘણું સન્માન મળ્યું છે.

## વડા પ્રધાન ખૂબ સ્પષ્ટ છે કે તેઓ ખાસ કરીને સરહદ પારના આતંકવાદને સહન કરશે નહીં

નવીદિલ્હી,તા.૧૬

વિદેશ પ્રધાન એસ જયશંકરે કહ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી "ખૂબ સ્પષ્ટ" છે કે તેઓ આતંકવાદ, ખાસ કરીને સરહદ પારના આતંકવાદને સહન કરશે નહીં. તેમણે કહ્યું કે મોદીના આ નિર્ણયે ૨૦૧૪થી પાકિસ્તાન પ્રત્યેની ભારતની નીતિને નવો આકાર આપ્યો છે. જયશંકરે 'મોદી ૨૦: ડ્રીમ્સ મીટ ડિલિવરી' પુસ્તકમાં વડાપ્રધાન મોદીના તે સૂચનાઓને યાદ કર્યા જ્યારે તેઓ વિદેશ સચિવ તરીકે નિયુક્ત થયા બાદ ૨૦૧૫માં 'સાર્ક વિઝિટ' માટે જઈ રહ્યા હતા.

વિદેશ મંત્રીએ પુસ્તકમાં લખ્યું, 'વડાપ્રધાને મને કહ્યું કે તેમને મારા અનુભવ અને મારા નિર્ણયોમાં ઘણો વિશ્વાસ છે, પરંતુ જ્યારે હું ઈસ્લામાબાદ પહોંચું ત્યારે એક વાત મારા મગજમાં હોવી જોઈએ કે તેઓ તેમના પુરોગામી કરતા અલગ છે અને તેઓ ક્યારેય આતંકવાદને અવગણશે નહીં કે સહન કરશે નહીં. તેમના આ સ્ટેન્ડ વિશે ક્યારેય કોઈ શંકા હોવી જોઈએ નહીં.

જયશંકરે લખ્યું કે ચીન સાથેના સરહદી વિવાદનો સામનો કરતી વખતે, વડા પ્રધાન મોદીએ જરૂરી ધીરજ બતાવી અને તેમાં એક ઠરાવનો સમાવેશ થાય છે કે વાસ્તવિક નિયંત્રણ રેખાને એકપક્ષીય રીતે બદલવાની મંજૂરી આપવામાં આવશે નહીં. પૂર્વી લદ્દાખમાં ચીન અને ભારત વચ્ચેના મડાગાંઠનો સીધો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું, ચીન સરહદ પર પડકારરૂપ પરિસ્થિતિઓમાં દળોની તૈનાતી દરમિયાન પણ નેતૃત્વ અને સંકલ્પ સમાન દેખાતા હતા. વર્ષ ૨૦૨૦માં આપણા સશસ્ત્ર દળોનો અસરકારક પ્રતિસાદ એક ઉદાહરણ છે.

વિપક્ષી પાર્ટીઓ સતત સરકાર પર ચીનની ઘૂસણખોરીની વાસ્તવિકતા વિશે માહિતી ન આપવાનો આરોપ લગાવી રહી છે. પુસ્તકમાં આ આરોપોનું ખંડન કરવામાં આવ્યું છે. જયશંકરે પુસ્તકમાં લખ્યું છે કે વિદેશ સચિવ અને પછી વિદેશ મંત્રી તરીકે તેઓ ૨૦૧૫માં મ્યાનમાર સરહદ પર, ૨૦૧૬માં સર્જિકલ સ્ટ્રાઈક, ૨૦૧૭માં ડોકલામ સ્ટેન્ડઓફ અને ૨૦૨૦થી લદ્દાખ બોર્ડર પર જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી.

તેમણે લખ્યું, ૨૦૧૪ થી બજેટ બમણાથી વધુ થઈ ગયું છે. વર્ષ ૨૦૧૪-૨૧માં રસ્તાઓનું કામ પણ વર્ષ ૨૦૦૮-૧૪ની સરખામણીમાં લગભગ બમણું થયું છે. આ જ સમયગાળામાં, પુલને પૂર્ણ કરવાની કામગીરીમાં ત્રણ ગણો વધારો થયો છે, જ્યારે ટનલ બનાવવાની કામગીરીને પણ વેગ મળ્યો છે.

મોદીની વિદેશ નીતિ વિશે અભિપ્રાય વ્યક્ત કરતા વિદેશ મંત્રીએ કહ્યું કે વડાપ્રધાનને વ્યક્તિગત રીતે ઘણું સન્માન મળ્યું છે. તેમના પહેરવેશ, રીતભાત અને આદતો એવી છબી રજૂ કરે છે જેની સમગ્ર વિશ્વ દ્વારા પ્રશંસા કરવામાં આવે છે. મને યાદ છે કે કેવી રીતે અમેરિકન નેતાઓ તેમની ૨૦૧૪ની મુલાકાત દરમિયાન તેમની ઉપવાસની આદતથી મંત્રમુગ્ધ થઈ ગયા હતા અને યુરોપના લોકોએ તેમની યોગાભ્યાસમાં કેવી રીતે રસ દાખવ્યો હતો.

જયંશકરે કહ્યું કે વડાપ્રધાન મોદીએ વિશ્વભરના નેતાઓ સાથે જે પ્રકારના અંગત સંબંધો બાંધ્યા છે, તેનાથી ભારત અને તેના લોકોના હિતમાં સીધો વિકાસ થયો છે. ઉલ્લેખનીય છે કે, રૂપા પબ્લિકેશન્સ દ્વારા પ્રકાશિત, આ પુસ્તક એક કાવ્યસંગ્રહ છે, જેનું સંપાદન અને સંકલન 'બ્લુક્રાફ્ટ ડિજિટલ ફાઉન્ડેશન' દ્વારા કરવામાં આવ્યું છે. આમાં બૌદ્ધિકો અને અન્ય નિષ્ણાતોના લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ભારતમાં કોરોનાના કેસમાં એક જ દિવસમાં નવા ૨,૨૦૨ કેસ,૨૭ દર્દીના મોત

નવીદિલ્હી,તા.૧૬

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨,૨૦૨ નવા કેસ નોંધાયા છે, જે ગઈકાલની સરખામણીમાં ૧૧.૫ ટકા ઓછા છે. આ સમયગાળા દરમિયાન, કોરોના વાયરસના કારણે દેશભરમાં ૨૭ લોકોના મોત થયા છે.

ભારતમાં કોરોના વાયરસના કારણે અત્યાર સુધીમાં ૫૨૪,૨૪૧ લોકોના મોત થયા છે. હાલમાં દેશમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૧૭,૩૧૭ છે., ૨૪ કલાકમાં ૨,૫૫૦ લોકો કોવિડ-૧૯થી સાજા થયા છે. આ સાથે, આ વાયરસથી સાજા થનારા લોકોની સંખ્યા ૪૨,૫૮૨,૨૪૩ પર પહોંચી ગઈ છે. અત્યાર સુધીમાં સમગ્ર ભારતમાં કોરોનાના કુલ ૪૩,૧૨૩,૮૦૧ કેસ નોંધાયા છે.

દેશમાં કોરોના રસી લાગુ કરવાની ઝુંબેશ તેજ ગતિએ ચાલી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩,૧૦,૨૧૮ રસીકરણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૧,૯૧,૩૭,૩૪,૩૧૪ કોરોના રસી આપવામાં આવી છે.

રોગચાળો ફાટી નીકળ્યાના બે વર્ષ પછી પણ વિશ્વભરમાં કોવિડ-૧૯ના હજારો કેસ નોંધાઈ રહ્યા છે. ચેપના નવા સ્વરૂપો વધવા સાથે, કોવિડના લક્ષણોમાં ફેરફારો થયા છે. શરૂઆતમાં, યુકેની નેશનલ હેલ્થ સર્વિસએ તેના મુખ્ય લક્ષણોને તાવ, ઉધરસ, નુકશાન અથવા ગંધ અથવા સ્વાદની ક્ષમતામાં ફેરફાર તરીકે વર્ણવ્યા હતા. હવે એનએચએસ તરફથી તાજેતરમાં અપડેટ કરાયેલ માર્ગદર્શિકામાં ગળામાં સોજો, ભરાયેલા અથવા વહેતું નાક અને માથાનો દુખાવો સહિતના અન્ય લક્ષણો વિશે પણ માહિતી આપવામાં આવી છે.

## ઉનાળુ વેકેશનમાં ૨૫૦૦ કેસનો નિકાલ કરશે : સુપ્રીમ કોર્ટ

,નવીદિલ્હી,તા.૧૬

ઉનાળાના વેકેશનને લઈને સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક અને મોટો નિર્ણય લીધો છે. જે મુજબ ઉનાળાની રજાઓમાં સુપ્રીમ કોર્ટ અઢી હજાર કેસોનો નિકાલ કરશે. કોર્ટે આ કેસોની યાદી પણ જાહેર કરી દીધી છે. વર્ષ ૨૦૧૦થી લઈને વર્ષ ૨૦૨૨ સુધી સર્વોચ્ચ અદાલતમાં પેન્ડીંગ આ કેસો છે. જેમાં મોટાભાગના અપરાધીક, સીવીલ અને અન્ય કેસો સામેલ છે.

ઉનાળુ વેકેશનમાં કેસનો નિકાલ લાવવા માટે બેન્ચોને બોલાવવાનો સુપ્રીમ કોર્ટનો આ ઐતિહાસિક ફેસલો છે. કારણ કે આ પહેલા આ સમય દરમિયાન શૂન્યકાલીન પીઠ (એક કે બે પીઠ) બેસતી હતી. તે આકસ્મીક કેસો, જેમકે જામીન, સ્ટે આદેશ, વિધ્વંશ આદેશ સામે આવેલા કેસો જ સાંભળતી હતી. સુપ્રીમ કોર્ટમાં આ અવકાશ ૨૧ મે થી ૧૦ જુલાઈ સુધી રહેશે.

સ્ટે (સ્થગત) નહી આવેઃ સુપ્રીમ કોર્ટે એ પણ નકકી કર્યું છે કે ઉનાળુ વેકેશન માટે લિસ્ટ કરાયેલા આ કેસોના વકીલો સ્ટે ઓર્ડર ન માંગે. જો તેમને સ્ટે જોઈતા હોય તો તેના માટે ૨૦ મે કે તેના પહેલા આવેદન આપે ત્યારપછી આવેદન નહીં સ્વીકારાય. આ પરીસ્થિતિમાં જો વકીલ હાજર ન થયા તો કોર્ટ પોતાની રીતે કેસનો નિકાલ લાવી દેશે, કેસને ફગાવી પણ શકાશે. કોર્ટના આ આદેશથી વકીલોમાં હલચલ મચી ગઈ છે, તેઓ પોતાની રજાઓને વ્યવસ્થિત કરી રહી છે.

## મોંઘવારી અને બેરોજગારી સામે ડાબેરી પક્ષો ૨૫ થી ૩૧ મે સુધી દેશભરમાં આંદોલન કરશે

નવીદિલ્હી,તા.૧૬

આવશ્યક ચીજવસ્તુઓની વધતી કિંમતો અને બેરોજગારીના વિરોધમાં ડાબેરી પક્ષોએ ૨૫ મેથી ૩૧ મે સુધી દેશવ્યાપી આંદોલનનું આહ્વાન કર્યું છે. ડાબેરી પક્ષોએ જાહેર કરેલા સંયુક્ત નિવેદનમાં દેશભરના તેમના એકમોને મોંઘવારી અને બેરોજગારી સામે આ સંયુક્ત અને સંકલિત રાષ્ટ્રવ્યાપી સંઘર્ષનું આયોજન કરવા નિર્દેશ આપ્યો છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "ઊંચી મોંઘવારીને કારણે લોકો પર અભૂતપૂર્વ બોજ વધી રહ્યો છે. કરોડો લોકો તેનાથી પરેશાન છે અને ગરીબી તરફ આગળ વધી રહ્યા છે. આ સાથે જ બેરોજગારી વધવાને કારણે લોકોની મુશ્કેલીઓમાં અનેકગણો વધારો થઈ રહ્યો છે.ડાબેરી પક્ષોએ કહ્યું કે, છેલ્લા એક વર્ષમાં પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવમાં ૭૦ ટકા, શાકભાજીમાં ૨૦ ટકા, રાંધણ તેલમાં ૨૩ ટકા અને અનાજના ભાવમાં ૮ ટકાનો વધારો થયો છે. આ નિવેદન પર કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના જનરલ સેક્રેટરી સીતારામ યેચુરી, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાના જનરલ સેક્રેટરી ડી રાજા, ઓલ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોકના જનરલ સેક્રેટરી દેવવ્રત બિસ્વાસ અને અન્ય ડાબેરી પક્ષોના નેતાઓએ હસ્તાક્ષર કર્યા હતા. આ પક્ષોએ માંગ ઉઠાવી હતી કે, કેન્દ્ર સરકારે તમામ પેટ્રોલિયમ ઉત્પાદનો પરની ડ્યુટી અને સરચાર્જ તાત્કાલિક પાછો ખેંચી લેવો જોઈએ અને રાંધણ ગેસ સહિત અન્ય વસ્તુઓના ભાવમાં ઘટાડો કરવો જોઈએ.તો, ઉદયપુરમાં યોજાયેલા કોંગ્રેસના ચિંતન શિબિરમાં ઘણા નેતાઓએ મોંઘવારી મુદ્દે મોદી સરકારને ઘેરી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ભવિષ્યમાં બેરોજગારી, મોંઘવારી અને ભારતની સંસ્થાઓ પર હુમલા વધશે.

તો, યુપીએ સરકારમાં નાણામંત્રી રહેલા પી ચિદમ્બરમે કહ્યું કે, મોંઘવારી અસ્વીકાર્ય સ્તરે વધી ગઈ છે, આવનારા દિવસોમાં તે વધુ વધવાનો ભય છે. સરકાર વાસ્તવમાં તેની ખોટી નીતિઓ, ખાસ કરીને પેટ્રોલ અને ડીઝલ પરના ઊંચા કર, ઉચ્ચ વહીવટી કિંમતો અને ઊંચા વ્યાજ દરો દ્વારા ફુગાવાના વિકાસને વેગ આપી રહી છે. દેશમાં રોજગારીની સ્થિતિ આટલી ખરાબ ક્યારેય રહી નથી.

## તંત્રી સ્થાનેથી...

# આઇપીએલમાં હવે ગુજરાતને કોઇ અટકાવી શકે તેમ નથી

***ક્રિકેટ એ અનિશ્ચિતતાની રમત છે અને તેમાંય ખાસ કરીને ટીર૦ ક્રિકેટ તો કાંઈક અલગ જ પ્રકારની રમત છે. તેને આજે ફરી દોહરાવી શકાય તેમ છે અને તે માટે કારણ છે ગુજરાત ટાઇટન્સનું આ સિઝનનું પ્રદર્શન. ઇન્ડિયન પ્રીમિયર લીગ -આઇપીએલની ટીર૦ ક્રિકેટ ટુનર્મિન્ટ અત્યારે જોર પર છે. દરરોજ નવાં પરિણામો આવી રહ્યાં છે અને તેમાંય મુંબઈ કે ચેન્નાઈ સુપર કિંગ્સ પાસેથી તો હવે ખાસ આશા રાખી શકાય તેમ નથી ત્યારે એક વાત નિશ્ચિત થઈ ગઈ છે અને તે ગુજરાત ટાઇટન્સનો પ્લે ઓફમાં પ્રવેશ. જે રીતે મુંબઈ ઇન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સને કોઈ પ્લે ઓફમાં પ્રવેશ અપાવી શકે તેમ નથી તેવી જ રીતે ગુજરાત ટાઇટન્સને કોઈ રોકી શકે તેમ નથી. આઇપીએલની હરાજી સમયે ગુજરાત ટાઇટન્સને ઓછી આંકનારા સૌ આજે ખોટા પડી રહ્યા છે અને હાર્દિક પંડયાની ટીમ પ્લે ઓફ માટે ક્વોલિફાઈ થઈ ગઈ છે. આઇપીએલનો પ્રારંભ થયો ત્યારે હાર્દિક પંડયા અને તેની ટીમને નકારનારા ઘણા નિષ્ણાતો હતા. એક તરફ એમ કહેવાતું હતું કે હાર્દિક ખુદ જ ફોર્મમાં નથી તો તે તેની ટીમને કેવી રીતે પ્રેરણા આપી શકશે. બીજી તરફ એમ પણ કહેવાતું હતું કે ગુજરાત ટાઇટન્સના માલિકોએ ટીમના ખેલાડીઓની ખરીદીમાં જ એવા લોચા માર્યા છે કે ટીમ આગેકૂચ કરી શકશે નહીં અને ઊંધા માથે પછડાશે. ખરેખર જોવા જઈએ તો એ વખતે જે ખેલાડીઓને પસંદ કર્યા હતા તે જોતાં ટીમના બંધારણમાં જ ખામી જણાતી હતી. ટીમ પાસે એક કે બે સ્થાન માટે તો કોઈ વિકલ્પ જ ન હતા. તેવામાં ઇંગ્લેન્ડના આક્રમક ઓપનર જેસન રોયને ખરીદવામાં આવ્યા હતા જે ટુનર્મિન્ટનો પ્રારંભ થાય તે અગાઉ જ રમવા ના આવ્યા. આ સંજોગોમાં ટીમ પાસેથી કોઈ આશા રાખી શકાય તેમ લાગતું નહોતું. ાઈપીએલ ૨૦૨૨માં ગુજરાત ટાઇટન્સનું શાનદાર ફોર્મ રાજસ્થાન રોયલ્સ સામે પણ ચાલુ રહ્યું, જ્યારે ટાર્ગેટનો પીછો કરવા ઊતરેલી રાજસ્થાનની ટીમને ૩૭ રનોથી હરાવી દીધી. આ તમામમાં કેપ્ટન હાર્દિક પંડયાની ભૂમિકા ખૂબ મહત્ત્વની રહી, તેણે એક સાઇડ સંભાળવાની સાથે મેદાનમાં સિક્સ-ફોરનો જાણે વરસાદ કર્યો હતો. હાર્દિક પંડયાની કપ્તાની ઇનિંગ્સને કારણે ગુજરાત ટાઇટન્સ એક મોટો સ્કોર કરવામાં સફળ રહી. હાર્દિક પંડયાને તેમના ઓલરાઉન્ડ પ્રદર્શનને કારણે મેન ઓફ ધી મેચ પણ જાહેર કરવામાં આવ્યા.***

***આજે આઇપીએલ ૨૦૨૨ની સિઝનમાં પ્લે ઓફમાં સ્થાન હાંસલ કરનારી ચાર પૈકીની એક ટીમ નક્કી થઈ ગઈ છે અને તે છે ગુજરાત ટાઇટન્સ. અહીં જ ક્રિકેટની અને ટીર૦ ક્રિકેટમાં સમાયેલી અનિશ્ચિતતા દેખાઈ આવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે પંજાબ કે દિલ્હી તેમજ મુંબઈની ટીમમાં પણ કેટલાક સ્થાનિક ખેલાડીને સામેલ કરાયા છે જેની સરખામણીએ ગુજરાતની ટીમમાં હાર્દિક પંડયાને બાદ કરતાં એકેય ગુજરાતી નથી. આમ છતાં ગુજરાતની ટીમ આ વખતે આકર્ષણ પેદા કરશે તેમાં શંકા નથી કેમ કે તેની પાસે વિશ્વના કેટલાક નીવડેલા ખેલાડીઓની ફોજ છે.***

***ગુજરાત પાસે આ વખતે ઇંગ્લેન્ડના જેસન રોય છે તો સાઉથ આફ્રિકાનો ડેવિડ મિલર અને ઓસ્ટ્રેલિયાના મેથ્યુ વેડ છે. આ ઉપરાંત ભારતના નવા બેટ્સમેન શુભમન ગિલ છે. ટીમના ૨૪ ખેલાડીમાંથી દસ ઓલરાઉન્ડર છે જે ગુજરાતની ટીમનું સૌથી મોટું જમા પાસું છે. કેપ્ટન હાર્દિક પંડયા ઉપરાંત અફઘાનિસ્તાનના શ્રેષ્ઠ લેગ સ્પિનર રાશીદ ખાન છે જે નીચલા ક્રમે આવીને બેટિંગમાં કમાલ કરતા રહે છે. આ ઉપરાંત રાહુલ તેવટિયા જેવા પ્રતિભાશાળી ખેલાડી છે જેઓ બેટિંગમાં આક્રમકતા દાખવી શકે છે એટલું જ નહીં પરંતુ તેઓ સારા સ્પિનર પણ છે. ગુરકિરાટસિંઘ માણ અને ડોમનિક ડ્રેક્સ મિડલ ઓર્ડરમાં ટીમને મજબૂતી પ્રદાન કરી શકે છે.ઉત્તર પ્રદેશના યશ દયાલ ટીમના કોચ આશિષ નહેરાની માફક લેફ્ટ આર્મ પેસ બોલિંગ કરે છે અને ઉત્તર પ્રદેશની ટીમ માટે બોલિંગમાં કમાલ કરી ચૂક્યા છે તો તેમની સાથે અનુભવી લોકી ફર્ગ્યુસન છે જેઓ ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ધમાલ મચાવી ચૂક્યા છે. મોહમ્મદ શમી કોઈ પણ ટીમ માટે ઉપયોગી બોલર પુરવાર થાય કેમ કે તે હાલમાં ભારતીય ટીમના બોલિંગ આક્રમણનું મુખ્ય અંગ છે.***

# સંઘ પરિવાર વિચારધારા મુક્ત ભારતીય સંસ્કૃતિ :

ભારતીય સંસ્કૃતિ સાંપ્રત સમયમાં સંઘપરિવારની પ્રતિશોધના પ્રગાઢ અંધકારમાં સડી રહી છે.

આ વિષાકત પ્રક્ષેપ લાંબો સમય ટકવાનો નથી પરંતુ આ વિષાકત પ્રગાઢ અંધકાર ઝડપથી પૂરો થાય અને ભારતીય સંસ્કૃતિના વસુધૈવ કુટુંબકમના આદર્શને ચરિતાર્થ કરતું ભાવાવરણ ફરીથી કાર્યાન્વિત થાઈ તે માટે આધ્યાત્મવાદીઓ તથા ધર્મનો ઉપયોગ પોતાની આંતરચેતનાને પરિમાર્જિત કરવા માટે કરે છે તેવા સજ્જનો અને આધ્યાત્મવાદી સંગઠનોએ સાતત્યપૂર્ણ સક્રિય ભૂમિકા અદા કરવી પડશે.

સૌ પ્રથમ તો સંઘપરિવારના કોમવાદી ,જાતિવાદી કુસંસ્કારોથી દુર રહેવા માટે દરેક ધર્મનિષ્ઠ આધ્યાત્મવાદી ભારતીય નાગરિકે પોતાની ધર્મનિષ્ઠા અને આધ્યાત્મ નિષ્ઠાની પવિત્રતા જળવાઈ રહે તે માટે અધ્યયન નિષ્ઠા કેળવવાની જરૂર છે.દરરોજ નિયમિત નીચે મુજબનું

સાહિત્ય અધ્યયન કરવું જોઈએ.

૧. ભારતીય વૈદિક દર્શન
૨. ભારતીય ઉપનિષદોનું દર્શન.
૩. ભારતીય વાલ્મિકી રામાયણ દર્શન.
૪. શ્રીમદ ભાગવત દર્શન
૫. ભારતીય મહર્ષિ વેદવ્યાસ દર્શન
૬. કૃષ્ણ જીવન દર્શન
૭. શ્રીમદ ભગવદ ગીતા દર્શન
૮. સ્વામી વિવેકાનંદ જીવન અને દર્શન.
૯. મહર્ષિ અરવિંદ જીવન અને દર્શન.
૧૦. મહર્ષિ વિનોબા જીવન અને દર્શન.
૧૧.ભારતીય નાસ્તિક દર્શન.

આ ઉપરાંત બૌદ્ધદર્શન, જૈનદર્શન ,શીખ દર્શન , કબીર દર્શનનો નિયમિત અભ્યાસ કરતા રહેવાથી

સંઘપરિવારના આત્મઘાતી કુસંસ્કારોથી બચી શકાશે.

# રામચરીત માનસમાં નવધા ભક્તિ (ભાગ-૧)

રામચરીત માનસ આ યુગનો એક લોકપ્રિય આધ્યાત્મિક ગ્રંથ છે જે અનુસાર માનવજીવનનું લક્ષ?ય સર્વસુખદ જ્ઞાનોત્તર ભક્તિ છે તથા આ ભક્તિનું કેન્દ વર્તમાન બ્રહ્મનિષ?ઠ મહાત્મા/સંત સદગુરૂ છે. અધ્યાત્મમાં જ્ઞાન-ભક્તિ માર્ગ સર્વશ્રેષ?ઠ,મુક્તિદાયી,આનંદપ્રદ અને માનવજીવનનું લક્ષ?ય છે તેને યોગ માર્ગ કહેવામાં આવ્યો છે અને આ જ અમૃત છે તથા તેનાથી દૂર ફક્ત ભોગોમાં ફસાયેલા જીવોને પશુઓ કરતાં પણ વધુ પતિત કહેવામાં આવે છે કારણ કે માનવ દેહ મળ્યા પછી જ્ઞાન-ભક્તિને પ્રાપ?ત કરવાં જોઈએ.આ ભક્તિનો આવિર્ભાવ બ્રહ્મનિષ?ઠ સદગુરૂની કૃપાથી જ્યારે સંત સબંધી તમામ શંકાઓ તથા ભ્રમ પ્રભુકૃપાથી સમાપ?ત થાય છે ત્યારે જ થાય છે.

સદગુરૂ સમકાલિન સંત તથા સિદ્ધ મહાપુરૂષ હોવા જોઈએ.ભૂતકાળમાં થઇ ગયેલા વ્યક્તિ, અવતાર,જડ કે પ્રતિમાને ગુરૂ માનીને જ્ઞાન-ભક્તિનો હૃદયમાં ઉદય થવો સંભવ નથી.સમકાલિન સદગુરૂની ભક્તિ જ વાસ્તવિક ભક્તિ છે.ભૂતકાળમાં ગોપીઓએ ભગવાન કૃષ?ણની અને હનુમાનજી,ભરત,વિભિષણ વગેરેએ ભગવાન શ્રીરામની ભક્તિ કરી હતી.

વર્તમાનકાલીન ક્ષોત્રિય બ્રહ્મનિષ?ઠ સમયના સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજના કથન અનુસાર "બ્રહ્મની પ્રાપ?તિથી જ ભ્રમોની સમાપ?તિ થાય છે." અવતારવાણીમાં કહ્યું છે કે "જોયા વિના મન નહીં માને,મન માન્યા વિના પ્રેમ નહીં,પ્રેમ વિના ન ભક્તિ થાયે,ભક્તિ વિના ઉદ્ધાર નહીં. ગુરૂ દેખાડે ગુરૂ મનાવે,ગુરૂ જ પ્રેમ શિખવાડે છે,ગુરૂ વિનાની ભક્તિ નકામી,જે કરે તે પસ્તાયે છે. સદગુરૂ પાસે આવી અવિનાશીની જે માનવ ઓળખાણ કરે,અવતાર ગુરૂની કૃપાળુ દ્રષ?ટિ,એક પળમાં કલ્યાણ કરે."



જ્ઞાન-ભક્તિના વિષયમાં રામચરીત માનસમાં પણ આ ભાવ જોવા મળે છે. "જાને બિનુ ના હોઇ પરતીતી,બિનુ પરતીતી હોઇ નહીં પ્રીતિ,પ્રીતિ બિના ના ભગતિ દ્રઢાઇ,જિમિ ખગપતિ જલ કે ચિકનાઇ.." બ્રહ્મના અદ્વેતભાવનો પણ ભક્તિથી વિરોધ નથી.ભક્ત ધામમાં રામ જુવે છે જ્યારે અન્ય વ્યક્તિ રામમાં પણ ધામ જુવે છે.એક પ્રભુને દરેક ઘટમાં જાણીને સૌની સાથે પ્રેમ કરવાનો છે,તમામનો સત્કાર કરવાનો છે.

આમ,ભક્તિના જે સ્વરૂપની અનુભૂતિ,મહાનતાનો તુલસીદાસજીનો સ્વીકાર કર્યો છે અને જેનું સમર્થન તમામ આધ્યાત્મિક ગ્રંથોમાં કરવામાં આવ્યું છે તે જ્ઞાન-ભક્તિનું વ્યવહારીક રૂપ આજે નિરંકારી મિશન પોતાના શિષ?યોને પ્રદાન કરે છે.

ચૌદ વર્ષના વનવાસ દરમ્યાન ભગવાન શ્રીરામે જ્યારે શબરીના આશ્રમમાં પાવન પ્રવેશ કર્યો ત્યારે શબરી ભાવવિભોર અને પુલકિત થઇ જાય છે.આ પ્રસંગમાં ગોસ્વામી તુલસીદાસજીએ આધ્યાત્મિક જિજ્ઞાસુઓના માટે અનેક સંદેશ અને ગંભીર અર્થ આપ?યા છે. "પ્રથમ તો પ્રેમ સાચો હોય તો ભગવાન ભક્તને દર્શન આપીને કૃતાર્થ કરે છે." બીજું ભગવાન જાતપાંતનો વિચાર કરતા નથી અને તે એક આદિવાસી કન્યા પર પણ કૃપા કરે છે.ત્રીજું ભગવાનના જ્ઞાન અને ભક્તિની પ્રાપ?તિ કરવા માટે કોઇ વિદ્યા, કર્મકાંડ,શિક્ષા વગેરેની આવશ્યકતા નથી.

"ભગવાન શ્રીરામે શબરીને જે ભક્તિનો ઉપદેશ આપ?યો તે ભક્તિ નવ પ્રકારની બતાવવામાં આવી છે." આ નવમાંથી કોઇ એક પણ ભક્તિ ઉપર પહોચેલ વ્યક્તિ ભક્તિના તમામ સોપાનને પ્રાપ?ત કરી ભગવાનનો પ્રિય પાત્ર બની જાય છે. નવ મહેં એકઉ જિન્હકે હોઇ,નારી પુરૂષ સચરાચર કોઇ,તો અતિશય પ્રિય ભામિની મોરેં,સકલ પ્રકાર ભક્તિ દઢ તોરેં..

(૧) પ્રથમ ભક્તિઃ ભક્તિના આ નવ સોપાનમાં સર્વપ્રથમ સોપાન સત્સંગ કહીને એવું સ્પષ?ટ કરવામાં આવ્યું છે કે ભક્તિના પુસ્તકનો પહેલો પાઠ સત્સંગમાં જવું અને બીજો પાઠ સત્સંગમાં પહોચીને ત્યાં થઇ રહેલા પ્રભુ પરમાત્માના ગુણાનુવાદમાં રસ લેવો તે છે. "પ્રથમ ભગતિ સંતન કર સંગા,દૂસરી રતિ મમ કથા પ્રસંગા."

અહી સત્સંગમાં પહોચવું અને ત્યાં પહોચ્યા બાદ તેમાં રૂચી લેવી..આ બંન્નેને અલગ અલગ એટલા માટે બતાવવામાં આવ્યા છે કારણ કે "સત્સંગમાં પહોચવું એ શરીરનું કાર્ય છે અને સત્સંગમાં પહોચ્યા બાદ તેમાં રસ લેવો એ મનનું કાર્ય છે.સત્સંગમાં પહોચવું તેના કરતાં વધુ અગત્યનું કાર્ય છે સત્સંગમાં મનને પરોવવું." વશિષ?ટ મુનિએ કહ્યું છે કે...હે રામ ! શરીરના કાર્ય એ કાર્ય કહેવામાં આવતા નથી.વાસ્તવમાં મનથી કરેલ કાર્યને જ કાર્ય કહેવામાં આવે છે કારણ કે એક ગુંડાના હાથમાં છરી હોય છે અને એક ડાૅકટરના હાથમાં પણ ! પરંતુ એકના મનમાં મારવાનો ભાવ હોય છે જ્યારે બીજાના મનમાં બચાવવાનો ભાવ હોય છે એટલે મનથી કરેલ કાર્યોને જ કાર્યો કહેવામાં આવે છે.

સત્સંગને સર્વપ્રથમ કહેવાનો ભાવ એ છે કે સંસારમાં સત્સંગથી મોટી કોઇ વસ્તુ જ નથી.પાણી જો ગંદી નીકમાં જાય તો ગંદુ બની જાય છે અને એ જ પાણી સ્વચ્છ ઘડાનો સંગ કરે તો અનેકને શિતળતા પ્રદાન કરે છે. "પાણીનું એક ટીપું કેળના પાન ઉપર પડે તો કપૂર બને છે, એ જ પાણીનું એક ટીપું સાપના મુખમાં પડે તો ઝેર બને છે, તે જ પાણીનું એક ટીપું સ્વાતિ નક્ષત્રમાં છિપમાં પડે તો મોતી બની જાય છે." ગોસ્વામી તુલસીદાસજીએ એક સ્થાન પર સ્પષ?ટ લખ્યું છે કે સ્વર્ગ તથા તમામ લોકોના તમામ સુખો એક ક્ષણભરના સત્સંગની સરખામણી કરી શકતાં નથી.

સંતવાણી,સંતશાસ્ત્રો અને ગ્રંથોએ એક સ્વરમાં કહ્યું છે કે સત્સંગ વિના જિજ્ઞાસુઓની ગાડી આગળ વધી શક્તિ નથી કારણ કે સંસાર સાગરથી પાર ઉતરવા માટે સત્સંગરૂપી નાવ જરૂરી છે.સત્સંગમાં જવાથી જ જિજ્ઞાસુઓ ગુરૂકૃપાના માધ્યમથી મુક્તિ સુધી પહોચી શકે છે કારણ કે સત્સંગથી માયાથી અસંગ થવાય છે, અસંગથી મોહનો નાશ થાય છે, મોહનાશથી જ્ઞાનમાં દઢતા અને જ્ઞાનમાં દઢતા આવવાથી જીવનમુક્ત થવાય છે.સત્સંગથી માયાનો મોહ દૂર થાય છે, મોહનષ?ટ થતાં નિરાકાર પ્રભુ પરમાત્મામાં દઢતા આવતાં જીવન મુક્તિનો આનંદ મળે છે આમ સત્સંગથી જ જિજ્ઞાસુઓ આગળ વધી શકે છે સદગુરૂ સુધી પહોચી શકાય છે જેનાથી આગળનો માર્ગ મળે છે જે જીવન મુક્તિની અવસ્થા સુધી પહોચાડે છે.

(૨) બીજી ભક્તિઃ ભક્તિનું પ્રથમ સોપાન સત્સંગ બતાવીને ગોસ્વામી તુલસીદાસજી મહારાજે સ્પષ્ટ ઘોષણા કરી છે કે સત્સંગમાં પહોચીને ભગવાનની મહિમા અને તેમની કથાઓને પ્રેમથી સાંભળીએ તો સમજો જિજ્ઞાસુ ભક્તિના બીજા સોપાન પર પહોચી ગયા છે.ભગવાનના ભક્ત સંસારમાં જળ કમલવત રીતે રહેતા હોય છે.જળમાં રહેતું કમળ જળમાં રહેવા છતાં જળથી લિપ?ત થતું નથી.સૂર્યનાં દર્શન થતાં તે ખિલી ઉઠે છે અને સૂર્ય આથમતાં ઉદાસ થઇ જાય છે તેવી જ રીતે સંત પણ પ્રભુને જોઇને ખિલે છે,આનંદીત થાય છે અને જેવું પ્રભુથી ધ્યાન હટતાં સંસાર(માયા)માં લાગે તો તે ઉદાસ થઇ જાય છે.પ્રભુના વિયોગમાં રડવું,પ્રભુના અનુરાગમાં દ્રવિત થવું તે ભક્તિનો શુભારંભ છે એટલે જ મીરાંબાઇ કહે છે ભગત દેખ રાજી હુઇ જગત દેખ સોઇ,અસુંવન જલ સિંચ પ્રેમ બેલ બોઇ..

અહીયાં એક પ્રશ્ન થાય છે કે હમણાં ભગવાન સાથે પ્રેમની વાત કરી હતી અને હવે "ભગત દેખ રાજી હુઇ..." કહીને સંતોની સાથે પ્રેમ કરવાની વાત કરી છે.અહીયાં એ સમજવાની આવશ્યકતા છે કે જેવી રીતે નિરાકાર વીજળી કોઇ બલ્બ અથવા ટ્યૂબ..વગેરેના માધ્યમથી પોતાની રોશની ફેલાવે છે તેવી જ રીતે નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્મા પોતાની સાથે જોડાયેલા બ્રહ્મજ્ઞાની સંતોના માધ્યમથી પોતાનો પ્રેમ પ્રસારીત કરે છે. જો કોઇ ઈમાનદારી કે વિરતાને નમસ્કાર કરવા ઈચ્છે તો તેને કોઇ એવા સાકાર ઈમાનદાર કે વીર વ્યક્તિને નમસ્કાર કરવા પડે છે કે જેનામાં આ ગુણ પ્રગટરૂપમાં હોય છે.નિરાકાર ઈમાનદારી કે વીરતા તેનાથી અલગ કેવી રીતે મળે? તેવી જ રીતે નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્માની સાથે પ્રેમ કરવા માટે સંતોની સાથે પ્રેમ કરવો અનિવાર્ય છે. પ્રભુના ગુણગાન કરનાર ભક્તોની સાથે ભક્તોની પ્રીતિ આપોઆપ વધી જાય છે.સીતાજી હનુમાનજીને જાણતા પણ ન હતા.અશોકવાટીકામાં રામ વિયોગમાં તડપતાં સીતાજીને પોતાનો પરીચય આપવા માટે હનુમાનજીએ ભગવાન શ્રીરામના ગુણોનું વર્ણન કરવાનું શરૂ કર્યું.સીતાજી પ્રસન્ન થઇને પૂછે છે કે મારા કાનોમાં અમૃતનું પાન કરાવનાર આપ કોન છો? પોતાના પ્રભુ શ્રીરામના ભક્ત જાણીને હનુમાનજીના માટે સીતાજીનો એટલો બધો પ્રેમ વધ્યો કે તેમની આંખમાં આંસુ આવી ગયા. આંસુ રૂદન રોમાંચ અને ત્યાગ આ ચાર પ્રેમના પ્રમાણ કસોટી તથા અભિવ્યક્તિ છે.

અહી હસવાનો અર્થ સંસારમાં આસક્તિ અને રડવાનો અર્થ અનાસક્તિ છે.મોટા મેળાવડામાં જે બાળકો પોતાના માતા-પિતાથી છુટા પડી જાય છે તેમને પોલીસવાળા/સેવાદાર પકડીને એક જગ્યાએ બેસાડી દે છે અને તે રડે નહી તે માટે તેમને બિસ્કીટ ખાવા આપી દે છે.ના-સમજ બાળકો બિસ્કીટ ખાવા લાગી જાય છે પરંતુ માતા-પિતાના પ્રેમી પ્રતિભાશાળી બાળકો તે બિસ્કીટની તરફ જોતા પણ નથી અને માતા-પિતાને યાદ કરીને રડ્યા જ કરે છે જેથી સેવાદારો પ્રથમ તેમના માતા-પિતાને શોધી કાઢે છે અને બાકીના જે બિસ્કીટ ખાવામાં વ્યસ્ત છે તેમના માતા-પિતા તો મોડા વહેલા મળી જ જવાના છે તેવી જ રીતે પ્રભુ પરમાત્માને પ્રેમ કરનાર,પ્રભુ પરમાત્માના માટે વ્યાકુળ ભક્તને પ્રભુ જલ્દીથી મળી જાય છે અને બાકીના માયાના બિસ્કીટ ખાધા કરે છે.

પ્રભુ ભક્તના માટે માયાનો મોહનો ત્યાગ કરવો એ કોઇ મોટી વાત નથી.સંતો સાથે પ્રેમ સત્સંગમાં જ થાય છે એટલે સત્સંગમાં જોડનાર ભક્તનો પ્રેમી છે અને સત્સંગથી હટાવનાર તેના માટે શત્રુવત છે પછી ભલે તેનો સગો સબંધી કેમ ના હોય.. ભક્તિમાં બાધક સબંધિઓથી વિરાગ અને અનાસક્તિ તથા તમામના પ્રત્યે અમારૂં જે કર્તવ્ય છે તેને નિભાવવું એ તો અમારી ફરજ છે એટલે સત્સંગી ભક્તો,રામના પ?યારા સાથે પ્રેમ કરવો જોઈએ.સત્સંગમાં જતા રોકનારને છોડવા પડે તો તે કોઇ મોટી વાત નથી.ભક્તોનો પ્રેમ આત્મિક હોય છે શરીરની સાથે તેમને કોઇ સબંધ હોતો નથી કારણ કે સંતોના પ્રેમનું કારણ આત્મજ્ઞાન અને પ્રભુચર્ચા હોય છે.પ્રેમનો અર્થ છે એક બની જવું.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમાહલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# વિકસિત દેશ બનાવવા માટે મહાત્મા બુદ્ધ દ્વારા બતાવેલ માર્ગ પર ચાલો : વડાપ્રધાન મોદી

નવીદિલ્હી,તા.૧૬

૧૬ મે, સોમવારે બુદ્ધ પૂર્ણિમા ઉજવવામાં આવી હતી.આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી,રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સહિત અનેક નેતાઓએ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. પીએમ મોદીએ કહ્યું કે, બુદ્ધ પૂર્ણિમાના દિવસે આપણે ભગવાન બુદ્ધના સિદ્ધાંતોને યાદ કરીએ છીએ અને તેને પૂર્ણ કરવાની અમારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીએ છીએ.

રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદે બુદ્ધ પૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ પોતાના સંદેશમાં કહ્યું હતું કે 'બુદ્ધ પૂર્ણિમાના શુભ અવસર પર હું તમામ દેશવાસીઓને શુભેચ્છા પાઠવું છું સમગ્ર વિશ્વમાં ભગવાન બુદ્ધના અનુયાયીઓને હાર્દિક શુભેચ્છાઓ અને શુભકામનાઓ.' તેમણે વધુમાં કહ્યું કે, ચાલો આપણે બધા મહાત્મા બુદ્ધ દ્વારા બતાવેલ આઠમાર્ગી માર્ગને અનુસરવાનો સંકલ્પ કરીએ અને આપણા જીવનમાં શાંતિપૂર્ણ, સુમેળભર્યા, અદ્યતન ભારતનું નિર્માણ કરવાનો સંકલ્પ કરીએ.

મહાત્મા બુદ્ધે લોકોને અહિંસા, પ્રેમ અને કરુણાનો ઉપદેશ આપ્યો હતો. અશાંતિથી ભરેલી દુનિયામાં, તેમના ઉપદેશો આજે પહેલાં કરતાં વધુ સુસંગત છે. મહાત્મા બુદ્ધના વિચારો સમગ્ર માનવ જાતિને નૈતિક મૂલ્યો પર આધારિત જીવન જીવવા માટે પ્રેરિત કરે છે. તેમણે સમગ્ર વિશ્વને કરુણા અને સહિષ્ણુતાનો માર્ગ બતાવ્યો.ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુએ પણ બુદ્ધ પૂર્ણિમાના પર્વ પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. તેમણે પોતાના સંદેશમાં કહ્યું- 'બુદ્ધ પૂર્ણિમા'ના શુભ અવસર પર હું મારા દેશવાસીઓને મારી હાર્દિક શુભેચ્છાઓ અને શુભકામનાઓ આપું છું.

ઉપરાષ્ટ્રપતિએ વધુમાં કહ્યું કે, વિશ્વના મહાન આધ્યાત્મિક ગુરુઓમાંના એક ભગવાન બુદ્ધે વિશિષ્ટ સત્યનો ઉપદેશ આપ્યો હતો. તેમના ઉપદેશોનો ધ્યેય આપણા દુઃખના મૂળ કારણને શોધવાનો અને સભાન લોકોને દુઃખમાંથી મુક્ત કરવાનો હતો. નિઃશંકપણે, ભગવાન બુદ્ધ અને તેમનો 'ધર્મ' જ્ઞાનના પ્રકાશના શાશ્વત સ્રોત છે, જે આપણને નૈતિકતા, સંતોષ અને આનંદના માર્ગ પર માર્ગદર્શન આપે છે. ચાલો, આ શુભ અવસર પર, ભગવાન બુદ્ધ દ્વારા દર્શાવવામાં આવેલા શાશ્વત પ્રેમ, કરુણા અને સમાનતાના સિદ્ધાંતોને અનુસરવાની અમારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ આ અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે, સૂર્ય, ચંદ્ર અને સત્ય, આ ત્રણેય વસ્તુઓ કોઈપણ સ્થિતિમાં ક્યારેય છુપાઈ શકતી નથી. ભગવાન બુદ્ધનો સંદેશ આપણને સત્ય, શાંતિ અને કરુણાના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે છે. આપ સૌને બુદ્ધ પૂર્ણિમાની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

# ભારત, પાકિસ્તાન સહિત દક્ષિણ એશિયાના દેશોમાં ગરમીએ રેકોર્ડ તોડ્યા : નાસા

નવીદિલ્હી,તા.૧૬

આ વર્ષે ગરમીએ ગયા વર્ષના રેકોર્ડ તોડી નાખ્યા છે. ભારત-પાકિસ્તાનના લગભગ ૧.૫ અબજ લોકોના ઘરનું તાપમાન સહન કરવાની બહાર હતું. દરમિયાન, નાસાએ તાજેતરમાં દિલ્હીની આસપાસના ગરમીથી તપતા શહેરોની એક તસવીર જાહેર કરી, જે દર્શાવે છે કે અહીં રાત્રિનું તાપમાન આસપાસના ક્ષેત્રો કરતાં ૪૦ ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ છે. હવામાન શાસ્ત્રીઓના સંશોધન મુજબ, પૃથ્વી પર દર ૮માંથી એક વ્યક્તિ ઘાતક ગરમીના મોજાને સહન કરવાની ફરજ પડે છે. ભારત અને પાકિસ્તાનના કેટલાક વિસ્તારોમાં લગભગ ૧.૫ અબજ લોકો ગરમીની ભઠ્ઠીમાં ડૂબી રહ્યા છે. એપ્રિલ મહિનો ભારત માટે ૧૨૨ વર્ષમાં સૌથી ગરમ રહ્યો હતો અને માર્ચમાં પણ રેકોર્ડ ગરમી હતી. તે જ સમયે, તે ૬૧ વર્ષમાં પાકિસ્તાન માટે સૌથી ગરમ એપ્રિલ હતો. પાકિસ્તાનના જેકોબાબાદ, જે પહેલાથી જ વિશ્વના સૌથી ગરમ શહેરોમાંનું એક છે, ત્યાં તાપમાન ૧૨૦ ડિગ્રી ફેરનહીટ અથવા ૪૮ ડિગ્રી સેલ્સિયસથી ઉપર વધ્યું છે. રાત્રિનું તાપમાન ૯૦ના દાયકાથી યથાવત છે.

આ તસવીર ૧૩ મેના રોજ નાસા જેટ પ્રોપલ્શન લેબોરેટરી અથવા નાસા જેપીએલના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર શેર કરવામાં આવી છે. NASAના ECOSTRESS સાધને ૫ મેના રોજ મધ્યરાત્રિની આસપાસ દિલ્હીમાં જમીનના તાપમાનની આ તસવીર લીધી હતી. આ પોસ્ટ ભારતમાં ચાલી રહેલી હીટવેવને લઈને એક ચેતવણી છે. દિલ્હીના શહેરી 'હીટ આઈલેન્ડ્સ' અને આસપાસના ગામડાઓમાં તાપમાન ૧૦૨ ડિગ્રી ફેરનહીટ (૩૯ ડિગ્રી સેલ્સિયસ) સુધી પહોંચી ગયું હતું, જ્યારે આસપાસના વિસ્તારોમાં તાપમાન લગભગ ૪૦ ડિગ્રી ફેરનહીટ જેટલું ઠંડુ હતું. હીટ આઈલેન્ડ એ શહેરી વિસ્તાર અથવા મેટ્રોપોલિટન વિસ્તાર છે જે માનવ પ્રવૃત્તિઓને કારણે તેની આસપાસના ગ્રામીણ વિસ્તારો કરતાં નોંધપાત્ર રીતે ગરમ છે. તાપમાનનો તફાવત સામાન્ય રીતે દિવસ કરતાં રાત્રે વધારે હોય છે.સત્તાવાર નાસા જેપીએલ વેબસાઈટ અનુસાર, ભારત અને પાકિસ્તાન માર્ચના મધ્યથી સતત ગરમીના મોજાથી પ્રભાવિત થયા છે, જેના પરિણામે ઘણા મૃત્યુ થયા છે, આગ લાગવાની ઘટનાઓ વધી છે, વાયુ પ્રદૂષણમાં વધારો થયો છે અને કૃષિ ઉત્પાદનમાં ઘટાડો થયો છે. ગરમ હવામાનને કારણે ભારતમાં ઓછામાં ઓછા ૨૫ અને પાકિસ્તાનમાં ૬૫ લોકોના મોત થયા હોવાનો અંદાજ છે. જોકે, જાનહાનિનો ચોક્કસ આંકડો ઘણો વધારે હોવાની શક્યતા છે. પક્ષીઓ પણ ગરમીનો અહેસાસ કરી રહ્યા છે.

# રજિસ્ટ્રેશન વિના ગુજરાતીઓ ચારધામ યાત્રા પહોચ્યા, ઋષિકેશમાં અટકાવી દેવાયા

દહેરાદુન,તા.૧૬

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા માટે ભક્તોની મોટી ભીડ લાગી છે. ત્યારે ભીડને નિયંત્રિત કરવા માટે આવરશે નિયમો કડક બનાવવામાં આવ્યા છે. માત્ર નોંધાયેલા તીર્થયાત્રીઓને જ ચારધામ યાત્રા માટે મંજૂરી આપવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં અનેક ગુજરાતી યાત્રીઓ વિના નોંધણીએ ગયા હતા. અને હાલમાં હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.નોંધણી વિના ગયેલા ગુજરાતીઓને અટકાવી દેવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ઋષિકેશમાં આ યાત્રાળુઓને અટકાવી દેવામાં આવ્યા છે. આગામી ૧૦જુન સુધી ચારધામ યાત્રાનું બુકિંગ ફૂલ થઈ ગયું છે. તો આવા સંજોગો માં આ યાત્રાળુઓ ને વિના દર્શને પાછા ફરવાનો વારો આવી શકે છે. જો કે એક અધિકારીએ કહ્યું કે માહિતીના અભાવને કારણે, જેઓ નોંધણી વગર આવ્યા છે તેમની નોંધણી કરવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.અત્રે નોધનીય છે કે, દેહરાદૂન જિલ્લા મેજિસ્ટ્રેટ આર રાજેશ કુમારે જણાવ્યું હતું કે, "આ સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવ્યું છે કે શ્રદ્ધાળુઓની સંખ્યા મંદિરો માટે નિર્ધારિત સંખ્યા કરતાં વધી ન જાય." નોંધણી અને મુસાફરી કાર્ડ દર્શાવ્યા વિના આગળની હિલચાલની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે ટ્રાવેલ કાર્ડમાં મંદિરમાં જવાની તારીખ અને સમયનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે જે તારીખોમાં નિયત મર્યાદા સુધી નોંધણી કરવામાં આવી છે, તે તારીખો પર વધુ નોંધણી થઈ શકશે નહીં. અધિકારીએ કહ્યું કે મુલાકાતીઓને આગામી ઉપલબ્ધ તારીખો પર નોંધણી કરાવવાની સલાહ આપવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે નોંધણી સમયે, ભક્તોએ ઉપલબ્ધતાની તપાસ કર્યા પછી જ મંદિરોની મુલાકાત લેવાનું પોતાનું શેડ્યૂલ બનાવવું જોઈએ.

છેલ્લા બે વર્ષથી કોવિડના કારણે અવરોધાયેલી ચારધામ યાત્રામાં આ વખતે ભક્તોની ભારે ભીડ છે. શનિવાર સુધીમાં ૪,૬૩,૮૩૦ ભક્તોએ મંદિરોના દર્શન કર્યા છે. ચારધામ યાત્રા ૩ મેના રોજ અક્ષય તૃતીયાના તહેવાર પર ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોના દરવાજા ખોલવાની સાથે શરૂ થઈ હતી.

સ્પર્શની સોગાત સાથે રણઝણે છે ટેરવાં
અલવિદાના સૂરમાં જ્યાં ખળભળે છે ટેરવાં
આંખ ના હોવા છતાં વાંચી શકે છે હૂબહૂ
પ્રેમને આનંદ પામી ઝળહળે છે ટેરવાં
ભિન્ન છે એ મૂળથી સઘળાં છતાંયે એક છે
ઐક્યના રંગો થકી મબલખ રળે છે ટેરવાં
એમ તો કેવી હશે તાકાત એના કોષમાં
પથ્થરોમાં પ્રાણ પૂરવા ધણધણે છે ટેરવાં
એકમત છે આ જગતમાં સૌ ગરીબો ને તવંગર
મસ્તકે જ્યાં હાથ માનો રસઝરે છે ટેરવાં
જીંદગીભર ચોક સાથે ટેરવાં ચીપકી રહ્યાં
એ જ કારણ છે કે આજે ઝગમગે છે ટેરવાં
'દીપ'ની આશક મળે તો લોક માને ધન્યતા
રાખજો દૂરી નહિતર ધગધગે છે ટેરવાં



**કુલદીપ ઠક્કર (થારા-ગુજરાત)**

કોઈ કહે અને હું કરું એમાં દમ નથી,
મારી લાગણીઓના ઉભારનો કોઈ અંત નથી
હું સ્વપ્ન દ્રષ્ટા છું પણ, મારા મનમાં કોઈ વાત નથી
મારી લાગણીઓના ઉભારનો કોઈ અંત નથી.
વિચારું છું મુક્ત મને, પરંતુ સ્મરણ મુજને રહેતું નથી,
મારી લાગણીઓના ઉભારનો કોઈ અંત નથી.
મારી લાગણીઓ વ્યક્ત કરવામાં કોઈ ભાવ નથી,
મારી લાગણીઓના ઉભારનો કોઈ અંત નથી.
બસ,
ખબર છે એટલી કે લાગણીઓ છે અનહદ
કેમકે,
મારી લાગણીઓના ઉભારનો કોઈ અંત નથી



**તોરલ શાહ (તોશા),ગાંધીધામ**

## ચાહત

તને ચાહતાં ચાહતાં સાવ અચાનક આ બનતું ગયું છે,
મને મારું આખુંય હોવાપણું ખૂબ ગમતું ગયું છે.
ઊગ્યો સૂર્ય ભીતર છતાં તાપ જેવું કશું ક્યાં નડે છે?
હૃદયમાં જ નિર્મળ સરોવર સમું કંઈક બનતું ગયું છે.
મને બીક ડૂબી જવાની સતત તું બતાવ્યા કરીશ ના,
ડૂબીને જ હંમેશ આલમ મને મારું મળતું ગયું છે.
જીવનને અમે તારી આંખોના તેજે તરાશીને બેઠા,
અને તારું હોવાપણું એમ મારામાં ઢળતું ગયું છે.
ભલે હોઠ પ્રત્યક્ષ કહેવા કદીયે ન સદ્ધર થયા પણ,
આ પ્રત્યેક પાનું જીવનનું તને લઈ ઊઘડતું ગયું છે.



**રેણુકા દવે- (અમદાવાદ)**

બતાડી રોજ સપનાઓ જીવનને ખુશ કરી દીધું
હકીકત છોડીને ભ્રમણા તરફ મેં રૂખ કરી દીધું
હવે દિમાગની સત્તાનો છે વિસ્તાર એ ક્ષેત્રે
પ્રણયના મામલે તેથી હૃદયને ચૂપ કરી દીધું
કદાચિત શક્ય છે આ ભાગ્યને છેતરવું એ રીતે
મેં તેથી નામ મારા સુખનું તો દુઃખ કરી દીધું
મેં જીતી આખી આ દુનિયા કપટ કેરું કટક લઈને
હતું જે લાગણીનું દળ એને હડધૂત કરી દીધું
વધારી કદ એ ટીપાંનું બનાવી દીધો પરપોટો
મળ્યું તુ સુખ જરા જેવું મેં એને ખૂબ કરી દીધું



**મિતા ગોર મેવાડા**

સ્પર્શ મને તારાં સ્નેહ નો હચમચાવી ગયો....
રૂંવાડે રૂંવાડે જાણે દઝાડી ગયો મને
તારી એ દાઝ માં પણ અનોખી શીતળતા ભરી છે તે
શું કરું હું?......
તારી જ આંખો મારી આંખો ને સ્પર્શી ગઈ જાણે...
આ સ્પર્શ તો છે તારાં આત્મા નો મારાં આત્મા સાથે
ભળી ગયા છે એકમેક માં એવા
જાણે ફૂલો મળ્યા છે સુગંધ ને...
અનાયાસ તો થયું છે આ મિલન
ના એના એંધાણ કે ના અણસાર...
બસ એમ જ મળી ગયા જીવનની મઝધાર.
કેટલો લખ્યો છે આ સાથનો સમય...
એ તો તું જ જાણે કાના...
આ તારો રચાયેલો તો એક ખેલ છે..



**ચૌહાણ ભાવના ઈન્દ્રવિજયસિંહ ...**
**સાવલી ( ગુલાબપુરા )**

## અમદાવાદ શહેર ખેલ મહાકુંભ -૨૦૨૨- અમદાવાદ શહેરની મધ્ય ઝોન કબડ્ડી સ્પર્ધાનો શુભારંભ

ગુજરાત સરકારના રમત-ગમત,યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આયોજિત ખેલ મહાકુંભ - ૨૦૨૨ અંતર્ગત અમદાવાદ શહેરની મધ્યઝોન કબડ્ડી સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કબડ્ડી સ્પર્ધાના શુભારંભ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપના સંયોજક શ્રી મનિષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મનિષભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યું કે, રમતમાં જીત કે હારનું મહત્વ નથી, પરંતુ ખેલદિલીપૂર્વક ખેલવું એ અગત્યનું છે. તેમણે ઉપસ્થિત શ્રોતાઓને જીવનમાં નિયમિતપણે એક ખેલને સ્થાન આપવા માટે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં ઓઢવના મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રી દિલિપભાઈ પટેલ અને શ્રીમતી મીનુબહેન ઠાકુર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભાજપના રમત ગમત સેલના સભ્ય શ્રી કિરણભાઈ પરમાર પણ સહભાગી થયા હતા.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS No-0011**
સાહિત્ય સરિતા સ્પર્ધા
વિષયઃ- સ્નેહની સરવાણી
પ્રકારઃ- મૌલિક રચના
શીર્ષકઃ- આવતીકાલ થાશે ને..

આવતીકાલ થાશે ને યાદો ફરિયાદ કરશે,
શબ્દો જીવનમાં હકીકતનો વિવાદ બનશે.
સ્નેહની સરવાણી માધુર્યથી પ્રગટતી રહે,
સુખનું શ્વેતપુષ્પ જીવન સાગરમાં હદ કરશે.
કાનોમાં ઝુમખા ને પગમાં પાયલ રણકારતી,
આદરની રીત અમારી આદતથી યાદ ફળશે.
આ બંધનમાં પ્રેમ કરવો એ મંજૂર નથી મુજને,
મારી જાત સાથે જગમાં ખૂબ વાદવિવાદ તપશે.
ભલે બાળો પ્રીતનાં દિવેટ ને દીવા સંસારમાં,
અજવાળાથી વાર-તહેવારે ખુદા ખુદ આવશે.
મનમાળા લઈને ઘૂમતો રહું તારી ગલીઓમાં,
રોશન કરવાં એમનાં ઘરને રોશની ગદગદ થશે.
તોરણ હતા સ્નેહનાં, બારણે આગમન ટાણે,
આંખોના અજવાળા "મન' માં વધુ મદ ભરશે.

મનોજકુમાર પંચાલ, 'મન', પાલનપુર

---

**NOG SS No : 00 82 ,**
વિષય : ભાગ્ય અહોભાગ્ય
શીર્ષક : નારી તું નારાયણી ,
પ્રકાર : ગધ ,

સુન્દર જીવનની શરૂઆત એક
લગ્ન વિધિના માધ્યમ રૂપે,
એક નવીન પાત્ર પત્ની રૂપે જીવનમાં પ્રવેશ
લગ્ન જીવનનો અપૂર્ણ અનુભવ
સાથે ગંભીરતાનો પૂર્ણ અભાવ
સાથી પાત્ર સાથે તાલમેલ નો પણ અભાવ ,
પણ લગ્ન જીવન ની ગંભીરતા પ્રત્યે બિન આવડત
એવા સમયે સાથી પાત્રનો પ્રેમ,
અને આવિષ્કાર ,ગૃહસ્થી ની નાસમજમા પૂર્ણ સહયોગ ,લગ્ન જીવનને સામાજિક અનુમોદન
આ બધું સમજદાર અર્ધાંગિની
રૂપ સહધર્મ ચારિણી દ્વારા પ્રોત્સાહનથીજ આ જીવન નૈયા
ના કપરા ચઢાવ માં પત્ની રૂપે
યોગદાનથી દામ્પત્ય જીવનમાં
મધુર રસની પૂર્તિ શક્ય છે ,
પત્ની રૂપે અર્ધાંગિની પુરુષની દરેક ઈચ્છા અનિચ્છા
મા સાથ નિભાવી પુરુષ પ્રધાન સમાજમાં
દરેક નિર્ણયમાં સાથ આપી સ્વ
અનિચ્છા છતાં મુક રૂપે સાથ આપી પુરુષની પ્રગતિમાં સાથ
ખભે ખભો મિલાવને ઉત્તેજન આપે છે ,
"નારી તું નારાયણી" આ ઉક્તિ
દરેક વ્યક્તિ ના જીવનમાં બંધ બેસતી આવે છે ,
"સ્ત્રી સન્માનની ભાવના" દરેક વ્યક્તિ માટે એક પ્રેરણા સ્તોત્ર રુપ આવિર્ભાવ હોવો જોઈએ,
પુરુષના નવજીવનમા એક સ્ત્રી જે આપણા જીવન શૈલી થી એકદમ અપરિચિત છે તે સઘળું પોતાનુ ભૂલી પતિ પરમેશ્વર સમજી સુખ દુઃખ નો સંસાર માણવા અભિભૂત થાય તે
પતિ પત્ની ના સબંધોમાં એક અપ્રતિમ યોગદાન કહેવાય ,
ભાગ્ય એ એક પ્રભુની કૃપા છે
અને અહોભાગ્ય એ એક માનવીની જીવન ધન્યતા છે,

ડો અનિરુદ્ધ વ્યાસ,નડિયાદ

---

**NOG SS No : 0013**
વિષયઃ ભાગ્ય અહોભાગ્ય
પ્રકાર : ગદ્ય
શીર્ષક :

પ્રેમ કર્યો એટલે લગ્ન તો
કરવા જ પડ્યા આ જ
મારું ભાગ્ય.
પણ લગ્ન પછી મારા
ફાફડા જલેબી ખાખરા નો
નાસ્તો બંધ,બ્રેડ બટર
ને પાણી વાળી ચા.
મસાલા વાળી ચા પણ
બંધ થઈ ગઈ. કોફી
આવી ગઈ,આ પણ મારું
ભાગ્ય.
ન્યૂઝ પેપર બધા અંગ્રેજી માં
આવવા માંડયા. ગુજરાત
સમાચાર પણ બંધ એટલે
મરણ નોંધ પણ વાંચવાની
બંધ.આ મારું ભાગ્ય.
નહાવાનું બે મિનિટમાં
પતાવી દેવાનું અને પછી
મેક અપ ના થર અને સ્પ્રે.
અને પછી ડ્રેસ પહેરવાનો
અને એમાં પણ સ્પ્રે અને
ઘણું બધું.જો કે મેં પણ
એને આ બધુ જોઈને જ
પ્રેમ કરેલો. આ પણ મારું
ભાગ્ય.
મારે તો ભગવાન અને
લાલા ની સેવા પણ ઓછી
થઈ ગઈ કેમ કે એને તો
એક મિનિટ હાથ જોડયા
અને પતી ગયું.આ મારું
ભાગ્ય.
ટિફિનમાં વરણ ભાત,કે
મસાલા ભાત . એને
ફુલ્કા રોટલી શું એજ
ખબર નથી. જો કે આ
પણ મારા ભાગ્ય.
સાંજે આવી ને પાછી
કોફી અને બ્રેડ નો નાસ્તો.
અગરબત્તી પણ નહીં.
જમવામાં ઢોસા કે
ઈડલી અને મેંદુ વડા.
સાલું ભાખરી શાક ખીચડી
પણ ભુલાઈ ગયા. જો કે
આ જ મારું ભાગ્ય.
જમી ને ટીવીમાં કોઈ
ચર્ચા સાંભળવાની , મારું
તારક મહેતા પણ ભુલાઈ
ગયું.
રાત્રે પ્રેમ કરવાનો એ
પણ અંગ્રેજી માઁ ર્ફ્રદી
ઍ . હવે આમાં ક્યાં
ઉમળકો આવે વ્હાલ કરવાનો. આ પણ મારું
ભાગ્ય.
આના કરતા કોઈ આપણી જ મળી ગઈ હોત તો
તો મારા અહોભાગ્ય થઈ
ગયું હોત.
તમારા ભાગ્ય અને અહો ભાગ્ય તમારા હાથમાં
જ છે.

ઘનશ્યામ વ્યાસ.

---

**NOG:SS:NO.:0101**
વિષયઃ ભાગ્ય અહોભાગ્ય
પ્રકારઃ ગધ
શીર્ષકઃ ડગલાં
શબ્દોઃ ૩૪૩
લેખક : ભરત સાંગાણી

બનારસ સંસ્કૃત વિદ્યાપીઠમાંથી તાજો જ સંસ્કૃત અભ્યાસક્રમમાં જ્યોતિષ વિષયમાં સ્નાતક થયેલ એક યુવાન વિદ્યાર્થી નવા ભાગ્યના રાહ પર ડગ માંડતો માથે પુસ્તકો મૂકી નિરંજના નદીને કાંઠે કાંઠે રેતીના પટ પર પોતાના ગામની દિશામાં ચાલવા લાગ્યો.
પગમાં તરવરાટ અને આંખોમાં ભવિષ્યનાં સોણલાં. તેની નજર રેતીમાં પડેલાં મોટા પદ ચિન્હો પર પડી. તેની કુતૂહલતા વધી, હજી તાજેતરમાં જ તે સામુદ્રિક વિદ્યામાં પારંગત થયો હતો .
આ પગલાં ને તેના પર અંકિત ચિન્હો જોઈ તેનું જ્ઞાન કહી રહ્યું હતું કે આ જરૂર કોઈ સમ્રાટના રાજા ધીરાજનાં પગલાંની છાપ હોવી જોઈએ.
મનમાં સંશય થયો જો રાજા હોય તો તેની સાથે સૈનિકો હોવા જોઈએ અને રાજા આમ નગ્ન પગલે તો ન ચાલે! અન્ય કોઈના પદ ચિન્હો દેખાયાં નહીં.
પોતે જે જોઈ રહ્યો છે તે સાચું કે મારું જ્ઞાન સાચું? ગડમથલમાં પડી ગયો.
શંકાના વમળમાં ખેંચાતો તે આગળ વધ્યો થોડે દૂર તેણે એક વૃક્ષની છાયામાં ઓટલા પર બેઠેલ વ્યક્તિ જોઈ તે તે તરફ આગળ વધ્યો.
પાસે આવ્યો તે વ્યક્તિ આંખો મીંચીને ધ્યાનમાં બેઠાં હતાં.
તેના ચેહરાની મુખમુદ્રા જોઈ તેના સામુદ્રિક લક્ષણોનું નિરીક્ષણ કરી જાણ્યું કે આતો કોઈ મહાન રાજા જ હોવા જોઈએ ,પણ બાજુમાં કમંડળ પડેલું જોઈ તેના જ્ઞાનને ધક્કો પહોંચ્યો .
આ વ્યક્તિ સામાન્ય માનવી કે ભિક્ષુક ન હોય શકે. પણ જે જોઈ રહ્યો છે તે તેનાથી સાવ વિપરીત દશ્ય છે એક સાદા વસ્ત્રમાં વીંટાળેલો દેહ આજુબાજુ કોઈ ચાકર નહીં હવે તેને તેણે પ્રાપ્ત કરેલ વિદ્યા નિરર્થક લાગી. આટલાં વર્ષોની લગનથી પ્રાપ્ત જ્ઞાન અર્થહીન લાગવા માંડ્યું . ભવિષ્યના ભાગ્યના દરવાજા બીડાતાં લાગ્યા.
સાથે સાથે જાણવાની જિજ્ઞાસા પણ વધી ભિક્ષુક વિષે. તે સામે બેઠો.
થોડીવાર પછી ધ્યાનમાંથી તેઓ ઉઠ્યા.
તેમણે આંખો ખોલી પ્રેમાળ નજરે આગંતુક તરફ જોયું.
તેણે કહ્યું કે મેં તમારા પદ ચિન્હો રેતીનાં પટ પર જોયાં , તમારું મુખારવિંદ આ સર્વ કાંઈ રાજાધિરાજના લક્ષણ દેખાડે છે જ્યારે તમે તો ભિક્ષુક છો. તેથી મને મારા જ્યોતિષના જ્ઞાન પર વિશ્વાસ નથી હું આ પુસ્તકો પણ નદીમાં ફેંકી દેવા માગું છું . આવા જ્ઞાનનો શું અર્થ.
ભિક્ષુકે હસીને કહ્યું તારું જ્યોતિષ જ્ઞાન સાચું છે તે પ્રાપ્ત કરેલ વિદ્યા યોગ્ય છે. તારી ભાગ્ય ભાખવાનું શાસ્ત્ર પણ ખરું. પણ તારા ★કમભાગ્યે★ તને સૌથી પહેલી વ્યક્તિ હું મળી જે ભાગ્યને અતિક્રમી ગયો છે.
તે ભિક્ષુક ભગવાન બુધ્ધ હતાં.

( લેખક : ભરત સાંગાણી )

---

**NOG SS NO 0032**
વિષયઃ ભાગ્ય અહોભાગ્ય
પ્રકાર : પદ્ય
શીર્ષક : ભાગ્યની બલિહારી

જિંદગીની અમૂલ્ય ભેટ મળી,
ભાગ્યની બલિહારી છે પ્રભુ.
ખુશ છું હું અને મારી જિંદગી,
ભાગ્યની બલિહારી છે પ્રભુ.
જીવન જીવતા આસાન થયું,
ભાગ્યની બલિહારી છે પ્રભુ.
મન ખુશખુશાલ થયું મારું,
ભાગ્યની બલિહારી છે પ્રભુ.
જન્મો જન્મ તારો સાથ મળે,
ભાગ્યની છે બલિહારી પ્રભુ .
જીવન આમ જ જીવી જવાય,
ભાગ્યની છે બલિહારી પ્રભુ.

મીના માંગરોલીયા

**'રોપડા પ્રાથમિક શાળા'- એક અનેરી શાળા**

# અત્યાર સુધી ગામમાંથી માત્ર એક જ વિદ્યાર્થીએ સાયન્સ સ્ટ્રીમમાં અભ્યાસ કર્યો છે અને તેને પગલે શાળામાં અદ્યતન ક્ષિતિજ સાયન્સ લેબ આકાર પામી

અમદાવાદથી ૫૦ કિ.મીના અંતરે આવેલા રોપડા ગામનું વાતાવરણ જ કંઈક અલગ છે. અહીંની પ્રાથમિક શાળા વિજ્ઞાન વિચાર સાથે સમન્વય સાધીને અભ્યાસની સાથે સાથે સહ અભ્યાસિક પ્રવૃતિઓ, વિવિધ રમતો સાથે બાળકોને જોડીને સર્વાંગી વિકાસ સાધી રહી છે. આ શાળા દ્વારા વર્ષ ૨૦૧૬મા જ સ્પેસ ક્લબ અને ઈનોવેશન ક્લબ દ્વારા શાળા બાળકો સહિત ગામ લોકોના નવા વિચારો પર અમલ કરવા કટિબધ્ધ બની છે.

આજનાં ટેકનોલોજીના યુગમાં વિશ્વના દેશો વચ્ચેનું અંતર ઘટતું જાય છે. કોઈ દેશમાં બનેલી ઘટનાની માહિતી ગણતરીની પળોમાં સમગ્ર દેશમાં ફેલાઈ જાય છે. આજે વિશ્વની કોઈ પણ શાળાના વિદ્યાર્થીઓ કોઈ પણ દેશની શાળા સાથે ટેકનોલોજીના માધ્યમથી સરળતાથી એકમેક સાથે જોડાઈ શકે છે. વળી થોડા ઘણા સમયથી શિક્ષણમાં આમૂલ પરિવર્તન આવેલા છે અને તેમાંઓનલાઈન શિક્ષણ સાથે ટેકનોલોજી અને કોડીંગ જેવા વિષયો ઉમેરાતા ગયા છે.

અમદાવાદ જિલ્લાની દસક્રોઈ તાલુકાની રોપડા પ્રાથમિક શાળા દ્વારા છેલ્લા પાંચેક વર્ષમાં અવનવા પ્રયોગો કર્યા અને તેમાં સફળતા મળી છે. શિક્ષણની વાત કરીએ તો આ શાળામાં સોફોસ કંપની દ્વારા શાળાને ૧.૩૭ કરોડ નાં ખર્ચે અદ્યતન નવું બિલ્ડિંગ પ્રાપ્ત થયું. અને હાલ તાજેતરમાં જ રોપડા ગામ અને શાળાના વિદ્યાર્થીઓ ગણિત - વિજ્ઞાન વિષય સાથે વિવિધ ટેકનોલોજી સારી રીતે સમજી અને શીખી શકે તે માટે કંપની સાથે અન્ય સ્વૈચ્છિક ફાઉન્ડેશન અને સંસ્થા દ્વારા ૪ લાખ નાં ખર્ચે અદ્યતન ક્ષિતિજ સાયન્સ લેબ આકાર પામી છે. જેમાં વિધાર્થીઓ નિયમિત રીતે નીત નવા પ્રયોગો શીખી સાથે શિક્ષણ મેળવી વિજ્ઞાન વિષયમાં રુચિ વધારી શકશે. શાળાના વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં અઘરી લાગતી બાબતો ને વિવિધ પ્રશ્નો દ્વારા પ્રાયોગિક

માધ્યમે જરૂરી માહિતી મેળવી શકશે. દરેક બાળકની સ્વ ગતિ સાથે સ્વ રુચિ અને સ્વ વિચાર હોય છે તેને ધ્યાનમાં રાખી આ શાળામાં મેકર્સ અડ્ડા વિભાગ કાર્યરત કરી જેમાં વિદ્યાર્થીઓ આપ મેળે યોગ્ય માર્ગદર્શન હેઠળ રોબોટિક્સ , મિકેનિકલ, ઈલેક્ટ્રોનિક્સ અને ફિઝિકલ કોડીંગ પણ શીખી પોતાની સ્વ ગતિએ આગળ વધી શકશે. આ લેબ માત્ર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે જ નહિ પરંતુ ગામમાંથી અભ્યાસ કરતા કોઈ પણ વિધાર્થીઓ માટે ઉપયોગી રહેશે અને તેઓને આગળ વિજ્ઞાન વિષય શીખવા સમજવા માટે ઉપયોગી થનાર છે. આ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ને સમયાંતરે લેબ ટેકનીશિયન દ્વારા તાલીમ પણ આપવામાં આવશે.

શાળાના આચાર્ય શ્રી નિશીથભાઈ આચાર્ય કહે છે કે, 'અમારી શાળાને રાજ્ય સરકાર તરફથી તો સંખ્યાબંધ સુવિધાઓ મળી છે. જેમાં ખાસ જ્ઞાનકુંજ નાં ડિજિટલ ક્લાસરૂમ નો સમાવેશ થાય છે . અમારા બાળકોને વિજ્ઞાનમાં રસ-રુચિ કેળવાય તે માટે પણ અમે વિશેષ પ્રયત્નો કર્યા છે. અમને સરકાર ઉપરાંત અન્ય ખાનગી સંસ્થાનો અને સેવાભાવી સંગઠનનો પણ સહયોગ મળ્યો છે. અત્યાર સુધી ગામમાંથી માત્ર એક જ વિધાર્થી સાયન્સ સ્ટ્રીમમાં અભ્યાસ કરી પોતાના કાર્ય ક્ષેત્રમાં કાર્યરત છે. તો આવનાર સમયમાં આ ગામના વિધાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં આગળ વધે શકે તે માટે ક્ષિતિજ સાયન્સ લેબ કાર્યાંવિત કરાઈ છે.

આ લેબનો મહત્તમ ઉપયોગ કરી ગામના-શાળાના વિધ્યાર્થિઓ આગળ વધે અને પોતાનું તથા ગામ પરિવારનું નામ રોશન કરી આગળ વધે તે એક જ ધ્યેય છે. શાળાના સમય બાદ પણ ગામનો કોઈ પણ વિધ્યાર્થિ આ લેબનો ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા અમે કરી છે ...' એમ શ્રી આચાર્ય ઉમેરે છે.

અત્રે ઉલ્લેખનેય છે કે, વર્ષ ૨૦૧૫ થી શાળાના વિદ્યાર્થીઓ કરાટેની તાલીમ મેળવી રહ્યા છે. વર્ષ ૨૦૧૬ મા સ્કેટિંગ ની રમત શરૂ કરી પ્રવીણ ઠક્કર અને પર્વ પંડ્યાની મહેનત દ્વારા આ શાળાના વિદ્યાર્થીઓ સ્પીડ સ્કેટિંગ , રિવર્સ સ્કેટિંગ, સ્કેટિંગ ખોખો, સ્કેટિંગ મ્યુઝિકલ ચેર, વેવ બોર્ડ , સાથે રોપ યોગા પણ કરી રહ્યા છે. જેમાં અત્યાર સુધી વિવિધ સ્પર્ધામાં ૨૪ જેટલા મેડલ અને ૫૦ જેટલા સર્ટિફિકેટ પણ મેળવી ચૂક્યા છે. આ શાળાને ક્રિકેટ જગત નાં મહાન ખેલાડી સચિન તેંડુલકર પણ મોમેંટો આપી સન્માનિત કરી ચુક્યા છે. લોક ડાઉન નાં સમયમાં ડિજીટલ શિક્ષણ માટે સરકાર તરફથી દરેક બાળકોને માઈક્રોસોફ્ટ ટીમ એપ ના એકાઉન્ટ દ્વારા ખૂબ સરળતાથી બાળકો ઓનલાઈન શિક્ષણ મેળવી શક્યા અને લોકડાઉન નાં સમયમાં રોપડા શાળા દ્વારા ઓનલાઈન સમર કેમ્પ જે ગુજરાત રાજ્ય અને દેશનો પ્રથમ ૧૫૦ દિવસ સળંગ ૧૨૦૦ જેટલા અલગ જિલ્લાના વિધાર્થીઓ ૩૦૦ શિક્ષકો સાથે મળી ૫૦૦ થી વધારે પ્રવૃત્તિ કરનાર ઓનલાઈન સમર કેમ્પ રહ્યો. જેમાં શાળાને બે રાષ્ટ્રીય કક્ષાના સન્માન મળી ચૂક્યા છે. અત્યારે હાલ વેકેશનમાં શાળામાં વિધાર્થીઓ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ગ્રીષ્મોત્સવમા ભાગ લઈ વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે સાથે વિવિધ પ્રેક્ટિસ દ્વારા ફલેક્સિબલ બની કંટેમ્પરી ડાન્સ પણ તાલીમ બદ્ધ યુવાન દ્વારા શીખી રહ્યા છે. જે તેઓને એકાગ્રતા, સમય સૂચકતા, નિર્ણય શક્તિ, સ્ટબિલીટી મેળવવા માટે ખૂબ ઉપયોગી સાબિત થશે તેવું માનવું છે.

રોપડા પ્રાથમિક શાળાનું પ્રાકૃતિક વાતાવરણ પણ ખૂબ સુંદર છે. ગમે તેવી ગરમીમાં પણ ૨ થી ૩ ડિગ્રી તાપમાન નીચું રહે તે માટે શાળા કેમ્પસમાં ચૌ તરફ વૃક્ષો ઉછેરી વિવિધ પર્યાવરણની સમતુલાને પણ જાળવવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો છે વળી વૃક્ષે લગાડેલા એજ્યુકેશનલ માળામાં પક્ષીઓ અને પ્રાણીઓએ પોતાના રહેઠાણ બનાવ્યા છે. વળી શાળાની બોલતી દીવાલો પણ ઘણું ખરું કહું જાય છે. ધન્ય છે આ શાળાને ....

આલેખન – હિમાંશુ ઉપાધ્યાય

# ડાંગ જિલ્લાનાં નવાગામનાં રહેવાસીઓ દ્વારા જમીન માંગણી અંગે કલેક્ટર ને આવેદન



ડાંગ જિલ્લાનાં સાપુતારા નજીક આવેલ નવાગામ વાસીઓ દ્વારા જમીન પ્લોટ માંગણી બાબતે આજરોજ કલેક્ટર ને આવેદનપત્ર આપી જમીન પટ્ટા હક્કની માંગણી કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાત રાજયના ગિરિમથક સાપુતારા નજીકના નવાગામ ખાતે વસવાટ કરી ધંધો રોજગાર મેળવનાર લોકો દ્વારા જમીન પ્લોટ માંગણી બાબતે કલેક્ટર ને આવેદન આપ્યું હતું. થોડાં દિવસ પહેલાં રાજય સરકાર દ્વારા નવાગામ વાસીઓને જમીન હક્ક પત્રક આપ્યાં હતાં. જેમાં ૧૬ પરિવારના લોકો જમીન હક્કથી વંચિત રહી જતાં તેઓએ જમીન પ્લોટ હક માટે માંગણી કરી છે. આવેદન માં જણાવ્યા અનુસાર ૧૨/૦૨/૨૦૨૨ નાં રોજ નવાગામ વાસીઓને જમીન હક્ક પત્રાક આપ્યાં હતાં પરંતુ ૧૬ જેટલાં લોકો જેઓ અન્ય જિલ્લા રાજય માંથી નવાગામ ખાતે વસવાટ કરતાં હોવાથી તેઓને જમીન હક્ક આપવામાં આવ્યાં નથી તેઓના જણાવ્યા અનુસાર માપણી વખતે તેઓના પ્લોટ ની પણ માપણી કરવામાં આવતી હતી. તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેઓ હાલ જમીન ની માંગણી કરી રહ્યા છે. છેલ્લા ૪૦ વર્ષથી તેઓના નવાગામ ખાતે વસવાટ કરી રહ્યા છે. અન્ય લોકોને ૯૯ વર્ષના ભાડાપેટે રૂપિયા ૧ નાં ટોકનથી પ્લોટ ફાળવણી કરવામાં આવી છે તો તેઓની માંગ છે કે તેઓને પણ જમીન ફાળવણી માટે પ્લોટ આપવામાં આવે.

નરેન્દ્ર પવાર,ડાંગ બ્યુરો સમાચાર

# જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે વિરાંજલી કાર્યક્રમ આયોજનના ભાગરૂપે યોજાઈ બેઠક



આગામી ૨૨મી મેના રોજ પાટણ શહેરના પ્રગતિ મેદાન ખાતે શહિદોને વિરાંજલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમના આયોજનના ભાગરૂપે આજરોજ પાટણ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા ભાજપ મહામંત્રી ભાવેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ખાસ કરીને વિરંજલી કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો જોડાય તેવો પ્રયાસ કરવામાં આવશે આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર સાઈરામ દવે સવિશેષ હાજરી આપવાના છે.ત્યારે જિલ્લા વહીવટીતંત્ર અને પાટણ જિલ્લા ભાજપ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ બેઠક માં વિરંજલી સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા

# પાટણ ત્રણ દરવાજા સ્થિતિ ઘી બજારના બે વેપારીઓને ત્યાં ખાદ્ય અને ઔષધ નિયમન ની ટીમે આકસ્મિક તપાસ હાથ ધરતા સનસનાટી મચી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો



પાટણ દરવાજા સ્થિત ઘી બજારમાં કેટલાક વેપારીઓ દ્વારા ખાદ્ય ઘી માં ભેળસેળ કરતા હોવાની ખાનગી રાહે પાટણના ખાદ્ય અને ઔષધ નિયમન કચેરીના અધિકારીઓને માહિતી પ્રાપ્ત થતા સોમવારના રોજ પાટણ જિલ્લા ખાદ્ય અને ઔષધ નિયમન ની કચેરીના અધિકારી સહિત ની ટીમ દ્વારા શહેરના ત્રણ દરવાજા સ્થિત ઘી બજારના બે વેપારીઓને ત્યાં ઓચિંતી તપાસ હાથ ધરી શંકાસ્પદ ઘી નો જથ્થો જપ્ત કરી તેમાંથી નમુના મેળવી સરકારી લેબ માં પૃથ કરણ માટે મોકલી આપી આગળ ની તજવીજ હાથ ધરતાં ઘી બજારમાં ભેળસેળયુક્ત ઘી નું વેચાણ કરતાં વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

આ બાબતે પાટણ જિલ્લા ખાદ્ય અને ઔષધ નિયમન કચેરીના અધિકારી વિપુલ ભાઈ ચૌધરીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે પાટણ શહેરના ત્રણ દરવાજા સ્થિત ઘી બજારમાં કેટલાક ઘી ના વેપારીઓ દ્વારા ખાદ્ય ઘી મા મોટાપાયે ભેળસેળ કરી લોકોના આરોગ્યને નુકસાન કરી રહ્યા છે. જે બાતમીના આધારે સોમવારના રોજ જિલ્લા ફુડ ઓફિસર વિપુલ ચૌધરી સહિત યુ.એચ. રાવલ, એમ.એમ.પટેલ સહિતની ટીમે ત્રણ દરવાજા સ્થિત ઘી બજારમાં આવેલ મેં.ઈશ્વરલાલ રસીકલાલ અને મેં.અલ્પેશકુમાર વિનોદચંદ્ર મોદી ની દુકાન ઉપર ઓચિંતી તપાસ હાથ ધરી શંકાસ્પદ ઘીના જથ્થા ને સીઝ કરી તેમાંથી જરૂરી નમૂના લઈ પૃથક્કરણ અર્થે સરકારી લેબમાં મોકલી આપવામા આવ્યા હોવાનું તેઓએ જણાવ્યું હતુ.

પાટણ શહેરના ત્રણ દરવાજા સ્થિત ઘી બજારમાં પાટણ જિલ્લા ખાદ્ય અને ઔષધ નિયમન ની કચેરી દ્વારા મેં.ઈશ્વરલાલ રસીકલાલ ઘીવાળા ની બે અલગ-અલગ દુકાન ઉપર થી ૧૯૯ ડબ્બા ઘી અંદાજીત કિ.રૂ.૫.૭૧ લાખ અને મેં.અલ્પેશ કુમાર વિનોદચંદ્ર મોદી ની દુકાન ઉપર થી ઘી ડબ્બા નંગ ૨૦ અંદાજીત કિ.રૂ.૧.૨૦ લાખ નો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો.

પાટણ જિલ્લા ખાદ્ય અને ઔષધ નિયમન ની કચેરી દ્વારા શહેરના ત્રણ દરવાજા સ્થિત ઘી બજારના વેપારીઓ ને ત્યાં ઓચિંતી તપાસ ને લઈને ખાદ્ય ઘી માં ભેળસેળ કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

# ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના પ્રતિનિધિઓએ માનવ કલ્યાણનું મિશન જીવન સાથે જોડ્યું છેઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત

## ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દ્વારા આયોજિત વાર્ષિક સાધારણ સભામાં

## ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થઇ રહેલાં માનવસેવાના કાર્યોને બિરદાવતા રાજ્યપાલશ્રી



ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દ્વારા આયોજિત વાર્ષિક સાધારણ સભાના અધ્યક્ષસ્થાનેથી ઉદબોધન કરતા જણાવ્યું છે કે, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના પ્રતિનિધિઓએ માનવ કલ્યાણનું મિશન જીવન સાથે જોડ્યું છે. તેમણે જણાવ્યુ હતું કે, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દેશની સૌથી સક્રિય શાખા છે. રાજ્યના ૩૩ જિલ્લા તથા ૭૯ તાલુકા શાખાઓમાં રેડ ક્રોસનું વિશાળ નેટવર્ક છે. આ શાખાઓ દ્વારા સમાજના કલ્યાણ અર્થે અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તે આપણા સૌ માટે ગર્વની વાત છે.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્યની શાખાઓ હંમેશાં જરૂરતમંદ લોકોને આરોગ્યસેવાના ક્ષેત્રથી માંડીને આફતના સમયે રાહતકાર્યો જેવી અનેકવિધ સેવાઓને માનવતાના ધોરણે પૂરી પાડે છે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ ઉમેર્યુ હતું કે, કોરોના સંક્રમણના કપરાં કાળમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા ઉત્તમ કાર્ય કરવામાં આવ્યું હતું એટલું જ નહીં બ્લડ ડોનેશન કેમ્પ દ્વારા રક્ત એકત્ર કરવાની પ્રવૃત્તિમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દેશભરમાં પ્રથમ સ્થાને રહી છે, તે સૌ માટે પ્રેરણાદાયક છે. રાજ્યપાલશ્રીએ એમ પણ જણાવ્યુ હતું કે માનવજીવનની સફળતા કર્મને આધિન છે, અને એ જ વ્યક્તિનું જીવન સફળ છે જે સદકર્મના માર્ગે જીવન વ્યતિત કરે છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની માનવતાવાદી પ્રવૃત્તિઓના સાક્ષી તરીકે તેને સફળ બનાવવા અને પ્રોત્સાહિત કરવા રેડ ક્રોસને દાતાશ્રીઓનો હર - હંમેશ સહયોગ મળી રહ્યો છે તેની નોંધ પણ રાજ્યપાલશ્રીએ લીધી હતી અને આ પ્રસંગે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના માનવતાના મહાયજ્ઞમાં આર્થિક સહયોગ આપનારા દાતાઓનું સન્માન પણ કર્યુ હતુ. આ સાધારણ સભામાં શ્રેષ્ઠ કાર્ય કરનારી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની જિલ્લા અને તાલુકા શાખાઓને પણ રાજ્યપાલશ્રીએ પારિતોષિકથી સમ્માનિત કરી અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ માટે ગુજરાત રેડક્રોસ શાખાને શ્રેષ્ઠ કામગીરી બદલ સુવર્ણ ચંદ્રક પણ એનાયત કરવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના કમિશનર શ્રીમતી શાહમીના હુસેન, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખાના ચેરમેન શ્રી અજય ભાઈ પટેલ, વાઈસ ચેરમેનશ્રી અજયભાઈ દેસાઈ, જનરલ સેક્રેટરી ડો. પ્રકાશ પરમાર સહિત ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના પદાધિકારીઓ તેમજ તાલુકા અને જિલ્લાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

-મિતેષ સોલકી

# પાટણ પોલીસે સિદ્ધપુર નજીકથી દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડ્યું, 30 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણના સિદ્ધપુર હાઈવે પરથી એસઓજી પોલીસ અને એલસીબી પોલીસે બાતમીના આધારે રાત્રે પાલનપુર થી અમદાવાદ તરફ વિદેશી દારૂ ભરીને લઈ જતું કન્ટેનર ઝડપી પાડ્યુ હતુ. જેમાથી ૫૮૮ પેટી સાથે એક શખ્સની ઝડપી કુલ ૩૦.૯૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જિલ્લા પોલીસવડા વિજય પટેલ દ્વારા શહેર સહિત સમગ્ર જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ ડામી દેવા કડક સુચના આપવામાં આવી છે. ત્યારે એસઓજી પીઆઈ વી.આર.ચૌધરી એસઓજી ટીમ અને એલસીબી પાટણના પોલીસ સ્ટાફ સિદ્ધપુર પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. આ દરમિયાન બાતમી મળી હતી કે, એક ટ્રક નંબર.(GJ-27-TT-7030)માં ભારતીય બનાવટ નો વિદેશી દારૂ ભરી પાલનપુર તરફથી આવી મહેસાણા તરફ જનાર છે. બાતમીના આધારે પોલીસે સિદ્ધપુર તાવડીયા ચાર રસ્તા પાસે નાકા બંદી કરી પૂછપરછ કરી તપાસ કરતા કન્ટેનર માંથી વિદેશી દારૂની ૫૮૮ પેટી દારૂમાં ૧૪ ૬૧૬ બોટલનો જથ્થો જેની કિંમત ૧૯.૮૯ લાખ અને કન્ટેનર મળી ૩૦.૯૪ લાખ રૂપિયાનો મુદ્દામાલ સાથે એકને શખ્સ ને ઝડપી પાડ્યો હતો. જ્યારે ત્રણ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

# પ.પૂ. બ્રહ્મલીન સદારામ બાપુ ની ત્રીજી વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે સિધ્ધપુર ધારાસભ્ય નાં નિવાસ સ્થાને સંતવાણી કાર્યક્રમ યોજાયો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

મોટી સંખ્યામાં સાધુ-સંતો એ ઉપસ્થિત રહી સંતવાણી ની રમઝટ બોલાવી ઉત્તર ગુજરાતના ઓલીયાપીર અને સંત શિરોમણી સદારામ બાપાએ તમામ સમાજોને વ્યસન મુક્તિ અને કુરિવાજો થી દૂર રહેવા માટે અલખ જગાડી હતી.ખાસ કરીને ઠાકોર સમાજને વ્યસન મુક્ત કરવામાં સદારામ બાપા નો સવિશેષ ફાળો રહેલો છે.

આજે સદારામ બાપા આપણી વચ્ચે નથી પરંતુ આજે પણ આ અવતારી પુરુષ ના પરચા જોવા મળે છે. સદારામબાપા ના પરમ ભક્ત અને સિદ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોર દ્વારા દર વર્ષે સદારામ બાપુ ની પુણ્યતિથિ નિમિત્તે ભજન સંતવાણીનું આયોજન કરવામાં આવતું હોય છે.ત્યારે સદારામ બાપાની ત્રીજી પૂણ્યતિથિ નિમિત્તે પાટણ ખાતે આવેલા ચંદનજી ઠાકોર ના નિવાસ્થાને સંતવાણી ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં મોટી સંખ્યામાં સંતો મહંતોએ હાજરી આપી હતી.અને સંતવાણીની રમઝટ બોલાવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય ચંદનજી ઠાકોર પરિવાર દ્વારા સદારામ બાપાના ગાદીપતિ દાસબાપૂનું પૂજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મોટી સંખ્યામાં સદારામ બાપાના ભક્તો જોડાયા હતા.

# આચાર્ય લોકેશજીએ અસંતુલિત વસ્તી વૃદ્ધિ અંગેના પરિસંવાદને સંબોધિત કર્યો

## “રાષ્ટ્રીય એકતા અને સામાજિક સમરસતા માટે ‘સમાન નાગરિક ધારો’ જરૂરી છે” - આચાર્ય લોકેશજી




અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આચાર્ય ડૉ. લોકેશજીએ કોન્સ્ટિટ્યુશન ક્લબ ઑફ ઈન્ડિયા, દિલ્હી ખાતે ભારત રક્ષા મંચ અને ઈન્ડોઈ એનાલિટિક્સ દ્વારા આયોજિત ‘અસંતુલિત વસ્તી વૃદ્ધિ – સમસ્યાઓ અને ઉકેલો’ પરના સેમિનારને સંબોધિત કર્યો હતો. જ્યાં સંતો, લેખકો, પત્રકારો, વકીલો, શિક્ષકો અને સામાજિક કાર્યકરોએ સર્વાનુમતે ‘સમાન નાગરિક ધારો’ની માંગણી કરી હતી. આ સેમિનારમાં સુદર્શન ન્યૂઝના મુખ્ય સંપાદક સુરેશ ચવહાક્રેજી , સુપ્રીમ કોર્ટના એડવોકેટ મોનિકા અરોરાજી , લેખક જો ડી ક્રુઝજી વગેરેએ મુખ્ય અતિથિ તરીકે મુખ્યત્વે ભાગ લીધો હતો. શાંતિદૂત આચાર્ય ડૉ.લોકેશજીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય એકતા અને સામાજિક સમરસતા માટે સમાન નાગરિક સંહિતા જરૂરી છે, તેનાથી સમાજમાં સંવાદિતા વધશે અને અન્યાય, શોષણ જેવા કૃત્યો પર અંકુશ આવશે. તેમણે કહ્યું કે, વસ્તી વિસ્ફોટને કારણે પર્યાવરણ, પ્રદૂષણ, વાતાવરણમાં પરિવર્તનની સમસ્યાઓ પણ વધે છે, અસમતોલ વસ્તીના કારણે સરકારી યોજનાઓ ઊંટના મોંમાં જીરા સમાન સાબિત થાય છે. માનનીય વડાપ્રધાન અને ભારત સરકારને સંસદમાં વહેલામાં વહેલી તકે સમાન નાગરિક સંહિતા અધિનિયમ પસાર કરવા હાકલ કરી હતી . સુદર્શન સમાચારના મુખ્ય સંપાદક સુરેશ ચવ્હાણકેજી એ જણાવ્યું હતુ કે, અનિયંત્રિત વસ્તી સામાજિક સમરસતા, રાષ્ટ્રીય એકતા, અખંડિતતા, ભાઈચારા વગેરે માટે ઘાતક છે. ભારતીય સંસ્કૃતિ તેનાથી જોખમમાં છે. યુનિફોર્મ સિવિલ કોડનો ઉદ્દેશ્ય મહિલાઓ અને ધાર્મિક લઘુમતીઓ સહિતના નબળા વર્ગોને સામાજિક સુરક્ષા પ્રદાન કરવાનો છે, જ્યારે એકરૂપતા દેશમાં રાષ્ટ્રવાદી ભાવનાને પણ મજબૂત બનાવશે. આ પ્રસંગે ભારત રક્ષા મંચના પ્રમુખ કેલકરજી, રાષ્ટ્રીય હિત સર્વોપરી સંસ્થાના પ્રમુખ સોહન ગીરીજી સહિત તમામ અધિકારીઓ, ભારત રક્ષા મંચના કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વડગામના મજાદરમાં ઓવૈસીની જાહેર સભા યોજાઈ. કૉંગ્રેસ ને લિધી આડા હાથે

## આજે હિજાબ પર ચૂપ રહેશો તો કાલે દાઢી કાપવાનું કહેશે. હવે અમે કોઈ મસ્જિદને નહીં ખોઈએ, જ્ઞાનવાપી મસ્જિદ હતી અને કાયમ રહેશે



બનાસકાંઠા બ્યુરો સમાચાર

રિપોર્ટ : દીલીપ ગોહીલ

બનાસકાંઠાના વડગામના તાલુકાના મજાદર પાટિયા નજીક રવિવારે છૈસૈંસ્ના રાષ્ટ્રીય અધ્યક્ષ અસદ્દુદીન ઓવૈસીએ ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણીને અનુંલક્ષીને જંગી સભાને સંબોધન કર્યુ હતું. જેમાં ઓવૈસીને સાંભળવા મુસ્લિમ સમુદાયના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યાં હતાં. સભા દરમિયાન ઓવૈસીએ પોતાની પાર્ટીના ઉમેદવારને વડગામ સીટ ઉપરથી જીતાડવા માટે હાંકલ કરી હતી અને કોંગ્રેસ પક્ષ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. આ પ્રસંગે ઓવૈસીએ કેન્દ્ર સરકાર ઉપર પણ આકરા પ્રહારો કર્યા હતા. વડગામના મજાદરમાં અસદુદીન ઓવૈસીએ જંગી સભાને સંબોધન કરતા કહ્યું હતું કે, “દેશમાં આઝાદીનો અમૃત્સોવ માનવામાં આવી રહ્યો છે પણ કયું અમૃત વેચી રહ્યા છે? હિજાબને જેહાદથી જોડવામાં આવી રહ્યો છે. તેમને હિજાબ ખતરો લાગી રહ્યો છે પણ દેશને તો ગાંધીના હત્યારાથી ખતરો છે. દેશને ગોડસેના ભક્તોથી ખતરો છે, જો આજે તમે હિજાબ ઉપર ચૂપ થઈ જશો તો કાલે દાઢી કાપવાનું કહેશે, ટોપી ઉતારવાનું કહેશે. હિજાબને એ માટે ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે જથી મુસલમાનોનું કલ્ચર છીનવી લેવાય. આપણે હુકુમતને નહીં, બદલી શકતા પણ દલિત અને મુસલમાનોને આપણી પાર્ટી દ્વારા વિધાનસભામાં મોકલી શકીએ અને આપણા આવાજને મૂકી શકીએ. “જ્ઞાનવાપી મસ્જિદનો મુદ્દો ઉઠાવી દીધો. હું બોલ્યો તો મને કહે કેમ બોલો છો?હું બોલીશ, હું એ માટે બોલું છું કે જીવતો છું. મરી નથી ગયો. હું એ માટે બોલું છું કે હું અલ્લાહથી ડરું છું, કોઈ મોદી અને યોગીથી નથી ડરતો. તમે મારુ ભાષણ સાંભળવા આવ્યા હોય તો હું કોઈ કવાલ કે કોઈ ગાવાવાળો નથી કે તમે મારો આવાજ સાંભળવા આવ્યા છો. હું તમારા માટે આવ્યો છું. એ અમને શીખવાડે છે કે મસ્જિદ શું છે, સર્વે થયો, વીડિયોગ્રાફી થઈ તો અમને કહે છે કે શું તકલીફ છે? કેમ તકલીફ ન હોય? હું ૧૯-૨૦ વર્ષનો હતો તો બાબરી મસ્જિદ મારાથી છીનવી લેવામાં આવી. હવે અમે કોઈ મસ્જિદને નહીં ખોઈએ. મસ્જિદ છે અને રહશે. જ્ઞાનવાપી મસ્જિદ હતી અને કાયમ રહશે. આપણે આપણા ગામના શહેરની મસ્જિદોને આબાદ રાખવાની છે, ત્યારે આ શેતાનોને ખબર પડશે કે હવે મુસલમાન કોઈ મસ્જિદ નહિ ગુમાવે. ગુજરાત ખંભાત અને હિંમતનગરમાં ૧૦ વર્ષ જૂના ગોડાઉનો તોડ્યા. મધ્યપ્રદેશમાં પણ એવું જ થયું. ગુજરાત અને મધ્યપ્રદેશનો મુખ્યમંત્રી કોર્ટનો ચીફ જસ્ટિસ છે કે એ નક્કી કરશે કે કોનું ઘર તોડે? કોંગ્રેસ પાર્ટી છે તેવું આપ કહો છો તો મને બતાવો કોંગ્રેસ પાર્ટી છે ક્યાંય? લોકો કહે છે કે ઓવૈસીના આવવાથી ભાજપને ફાયદો થશે. હું કૉંગ્રેસીઓને પૂછવા માંગુ છું કે તમારી સરકાર ગુજરાતમાં ક્યારે હતી? આટલા વર્ષોથી ઓવૈસી નથી આવ્યો તો તમે કેવી રીતે આટલા વર્ષોથી હારી ગયા? મને કોઈએ પૂછ્યું કે આ જ્ઞાનવાપીના નીચે, તાજ મહેલની નીચે અને કુતુંબમીનારના નીચે શું જોવા માંગે છે? સોશિયલ મીડિયામાં કોઈએ લખ્યું કે તેમને નીચે જઈને જોયું તો કઈ મળ્યું નહીં પણ આવાજ આવ્યો કે ચોકીદારને કહો મોંઘવારી ઓછી કરે, પેટ્રોલ ડીઝલના ભાવ ઓછા કરે અને પછી આવાજ આવ્યો કે ચોકીદાર ચોર છે. આપણે મજબૂત થવાનું છે. એક થવાનું છે.

# આણંદમાં બનતાં નવાં કતલખાનાને બંધ રાખવાની મિતલ ખેતાણીની સફળ રજૂઆત

## જીવદયા પ્રેમી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર માનતું એનીમલ હેલ્પલાઈન પરીવાર



આણંદ નગરપાલીકાના ચીફ ઓફીસરશ્રીનાં અધ્યક્ષસ્થાને તા. ૨૯/૧૦/૨૦૨૧ ના રોજ મળનારી નગરપાલીકાની સામાન્ય બોર્ડની બેઠકમાં એજન્ડામાં આણંદ શહેરનાં મધ્યભાગમાં કતલખાનું શરૂ કરવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. આણંદ શહેરની શાકાહારી-હિન્દુ પ્રજા માટે તેમજ સમગ્ર ગુજરાતની પ્રજા માટે આ નિર્ણય આઘાતજનક હતો, જેનો સર્વ સમાજ ઉગ્ર વિરોધ કરી રહયાં હતાં. કોઈપણ શહેરમાં શહેરની મધ્યમાં હિન્દુ વસ્તી વચ્ચે કતલખાનું કયારેય હોઈ જ ન શકે. વર્તમાનપત્રો, સોશીયલ મીડીયામાં પણ તેનો ભરપુર વિરોધ થઈ રહયો હતો. આ બાબત શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન રાજકોટ તેમજ એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય મિતલ ખેતાણીનાં ધ્યાન પર આવતા તાત્કાલીક અસરથી આ જીવદયા વિરોધી નિર્ણયને અટકાવવા જીવદયાપ્રેમી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરાઈ હતી. મિતલ ખેતાણીની તાત્કાલીક કરાયેલ રજૂઆતોને જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીશ્રીએ અધીકારીઓને આણંદ શહેરની મધ્યમાં કતલખાના બનાવવાનો નિર્ણય મુલ્તવી રાખવા સુચના આપી હતી. જીવદયાનાં કાર્ય બદલ જીવદયા પ્રેમી મુખ્યમંત્રીશ્રીનો શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલ હેલ્પલાઈનનાં પ્રમુખ મિતલ ખેતાણી, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડે આભાર માન્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK